
# વાઢેર વાણી

લેખક :
માર્ગદર્શક : જયંતી એન. વાઢેર (યુ.કે.)

# અર્પણ

**શ્રી વાઢેર પરિવાર....**



# પ્રસ્તાવના

વાઢેર વંશની સંપૂર્ણ માહિતીથી સભર આ પુસ્તક-''વાઢેરવાણી'' આપની સમક્ષ મૂકતા હું સહર્ષ હદયથી લાગણી અનુભવું છું, અગાઉ પણ ''વાઢેર-વંશ વિસ્તાર'' નામની એક પુસ્તિકા બહાર પાડવામાં આવી હતી, પરંતુ તે પુસ્તિકામાં ઘણી બધી ક્ષતિ હતી અને તે સંપૂર્ણ માહિતી માટે પૂર્ણ ના હતી આથી મેં એક એવી બુક લખવા પ્રયત્ન કર્યો કે જે શ્રી વાઢેર પરિવારની સંપૂર્ણ માહિતીથી સભર હોય કે જેમાં.

શ્રી વાઢેર-વંશની ઉત્પતિથી, તેમનો વંશ, વારસો, સંસ્કૃતિ, તેમનો વિસ્તાર, કુળદેવી, નૈવેદ્ય, શૂરાપૂરા, તેમજ તીર્થ-સ્થાનો અને તેમની શાસ્ત્રીય-ઓળખ નો સમાવેશ કરવામાં આવે અને વાઢેર-પરિવારની સંપૂર્ણ માહિતીને તેમાં આવરી લેવામાં આવે, આ બુકને સંપૂર્ણ બનાવવા માટે ખાસ આભાર તો મારે જાદવબાપા વાઢેર અને પરિવારનો માનવામાં આવે છે કે, જેઓએ વરસોથી આપણા મોમાઇ માતાજી અને વાકીદાસ બાપાની સેવા કરી રહયા છે તે ઉપરાંત તેઓ એ તેમના ટુકડા ના મકાન જ્ઞાતિ ને અર્પણ કરી આજે ત્યાં શિખર બંધ મોમાઇ માતાજી ગાત્રાળ માતાજી અને આપણા વાકિદાસ દાદાની પણ સ્થાપના કરી છે. આ મારી એક અભિલાષા હતી કે સર્વે મઢોને એક કરી સમસ્ત વાઢેર પરિવાર એક નેજા હેઠળ હળીમળીને આપણાં કુળદેવી દેવતાઓ ના આરાધ અને પૂજા કરે આભાર તો મારે ઘણાનો માનવો જોઇએ પરંતુ ખાસ નામોમાં **શ્રી ડૉ. મોહનભાઇ વાઢેર (કેશોદ)** કે જેમના થકી શ્રી વાકિદાસ દાદાનો મહિમા અને **શ્રી ભરતભાઇ ચુડાસમા (ગોંડલ)** દ્વારા પ્રાપ્ત થયો તે બદલ હું તેઓનો આભારી છું, અને સાથે સાથે શ્રી વાઢેર વંશ, વિસ્તાર-પુસ્તિકાનો પણ માર્ગદર્શન માટે ઉપયોગ કર્યો હતો અને તેમાં જે પણ ક્ષતિ હતી તે દરેક ક્ષતિને આ બુકમાં પૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો છે અને આજે આપ સહુના સહકાર અને આર્શીવાદથી તે બુકને હું આપણી સમક્ષ મૂકી રહયો છું, આમ આ બુકનો મુખ્ય હેતુ શ્રી વાઢેર પરિવારની એકતા, અખંડીતતા , સંસ્કૃતિ, અને તેમના સંસ્કાર જળવાઇ રહે અને તેમનું માર્ગદર્શન આજની નવી યુવા પેઢીને મળી રહે અને ભવિષ્યમાં તે તેમની સંસ્કૃતિ અને તેમના સંસ્કારનું જતન કરી શકે તેવા આશયથી...સૌને જય માતાજી...

**લી. આપનો ચરણઅનુરાગી**
**જયંતી એન. વાઢેર**
**ના જય માતાજી**

**આભાર વ્યકત :-**

**શ્રી મોહનભાઇ સીદીભાઇ વાઢેર (લંડન)**
**શ્રી ભગવાનજીભાઇ પુરૂષોતમભાઇ વાઢેર (લંડન)**
**શ્રી ગીગાભાઇ મેર (ગામ સરપંચ) (ટુકડા મિયાંણી)**
**શ્રી ડૉ. મોહનભાઇ વાઢેર (કેશોદ)**
**શ્રી ભરતભાઇ ચુડાસમા (ગોંડલ)**
**શ્રી હસમુખભાઇ ધોળા (સુરત)**
**ખાસશ્રી શ્રીમતી શકુંતલાબેન જયંતિભાઇ વાઢેર (લંડન)**

# અનુક્રમણીકા


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | શ્રી ગણપતિસ્તૃતિ | |
| ૨ | શ્રી સરસ્વતી વંદના | |
| ૩ | શ્રી મોમાઈમાં સ્તૃતિ | |
| ૪ | શ્રી વાઢેર પરિવાર ઈતિહાસ | |
| ૫ | ઉત્પતિ | |
| ૬ | વંશ-વિસ્તાર | |
| ૭ | પરિવર્તન | |
| ૮ | ગોત્ર-શાસ્ત્રીય ઓળખ | |
| ૯ | શ્રી મોમાઈ માં નો મહિમા | |
| ૧૦ | શ્રી મોમાઈ માતાજીની ઉત્પતિ | |
| ૧૧ | શ્રી વાઢેર પરિવારમાં આગમન | |
| ૧૨ | શ્રી માતાજીના સ્થાનક અને તેનું મહત્વ | |
| ૧૩ | શ્રી વાકિદાસ દાદાનો મહિમા | |
| ૧૪ | શ્રી વાકિદાસ દાદાનું જીવન ચરિત્ર | |
| ૧૫ | નૈવેદ્ય | |
| ૧૬ | નૈવેદ્ય એટલે શું ? | |
| ૧૭ | નૈવેદ્યનું શાસ્ત્રોકત મહત્વ | |
| ૧૮ | નૈવેદ્યના પ્રકાર | |
| ૧૯ | શ્રી વાઢેર પરિવારના નૈવેદ્ય | |
| ૨૦ | અહેવાલ | |
| ૨૧ | સુતક-નિર્ણય | |
| ૨૨ | ભજન, લોકગીત, છંદ | |
| ૨૩ | શ્રી વાઢેર પરિવાર-ડિરેકટરી | |

# શ્રી ગણેશસ્તુતિ

ગણનાયકાય, ગણદેવાતાય, ગણાધ્યક્ષાયધીમાહી,
ગુણશરીરાય,ગુનાનન્દીતાય, ગુણેશાનાયધીમાહી
ગુનાદીતાય, ગુનાશિષાય, ગુન્પ્રવીશ્તાયધીમાહી
એકદંતાય, વક્રતુન્ડાય, ગૌરીતનયાયધીમાહી
ગણેશાનાય, ભાલચંદ્રાય, શ્રીગણેશાય ધીમાહી ......................(૨)
ગાનાચતુરાયે, ગાના પ્રાણાયે, ગાનાતરત્માને
ગનોત્સુકા, ગનામાંતાયે, ગનોત્તસુખમનસે
ગુરૂપુનજીતાય,   ગુરૂદેવતાયે, ગુરૂકુલાસ્થાયાને
ગુરૂવ્કિમયે, ગુરૂપ્રવારયે ગુરૂ વેગુણગુરવે
ગુરૂદૈત્ય-કલાકછેત્રે, ગુરૂધર્મસદારકધ્યાય
ગુરૂપુત્ર પરિત્રાત્રે, ગુરૂ પાખંડ ખંડ ખાયે
ગીતસારાયા, ગીત તત્વાય ગીત ક્રોતરાયે ધીમાહી
ગુંધગુલ્ફાય, ગુંધમાત્તાયગોજાય પ્રાધ્યાધીમાહી
ગુણાતિતાય, ગુણાધીશાય ગુન્પ્રવશતાય ધીમાહી
એકદંતાય, વક્રતુન્ડાય, ગૌરીતનયા ધીમાહી
ગણેશાનાય, ભાલચંદ્રાય, શ્રીગણેશાય ધીમાહી....................(૨)
ગન્ધાર્વારાજ્ય, ગંધાય ગંધવર્ગાના સ્નાવપ્રનૈમે
ગાંધા અનુરાગાય, ગ્રંથાયગીતાય, ગ્રંતા-તાર્તતનમયે
ગુરીલે......................ગુન્બતે...............ગણપતયે
ગ્રંથગીતાયે, ગ્રંથગેયાય, ગ્રંથતરત્માને
ગીતલીનાય, ગીતશ્રેયાય, ગીતવાદ્યે વાદ્યા પડવે
ઘેય ચરિતાય, ગાયગવરાય, ગન્ધાર્વપ્રીકૃપે
ગાયક ઘીના વિગ્રહયે, ગંગાજળા પ્રનાયાત્વે
ગૌરી સ્તન મન્ડાયા
ગૌરી હદય નન્દાયા
ગૌરી ભાનુસિખાયા
ગૌરી ગનેશ્વરીયા
ગૌરી પ્રનાયાય
ગૌરી પંવાનાયા
ગૌર ભવાયા ધીમાહી
ઓહાસાહસ્ત્રાયા, ગૌદર્માયા
ગોપા-ગોપાય ધીમાહી
ગુનાદીતાય, ગુનાશીષાય, ગુન્પ્રવીશ્તાય ધીમાહી
એકદંતાય, વક્રતુન્ડાય, ગૌરીતનયા ધીમાહી
ગણેશાનાય, ભાલ ચંદ્રાય, શ્રી ગણેશાય ધીમાહી .................(૨)

# શ્રી સરસ્વતી વંદના

યા કુંદેંદુ તુષાર હાર ધવલા

યા શુભ્ર વસ્ત્રાવૃતા

યા વીણાવરદંડ મંડિત કરા

યા શ્વેત પભાસના

યા બ્રહ્મા ચ્યુતશંકર પ્રભુતીર્ભી

દેવૈસદા વંદિતા

સા માં પાતુ સરસ્વતી ભગવતી

નિઃશેષ જાડ્યા પહા

વરદે.........વીણા વાદિની વરદે............વરદે

વરદે..........વીણા વાદિની વરદે...........વરદે

પ્રિયસ્વતંત્રરવ, અમ્રિતમંત્રનવ

પ્રિયસ્વતંત્રરવ, અમ્રિતમંત્રનવ

હમ સબ મેં ભરદે

વરદે...........વીણા વાદિની વરદે.......વરદે

વરદે...........વીણા વાદિની વરદે..........વરદે

કાટ અંધઉર કે બંધનસ્તર,

બહાજનની જ્યોતિર્મય નિર્જર

કલુષભેદ તમહર પ્રકાશભર

જગ મગ જગ કર દે

નવગતિ, નવલય, તાલછંદનવ

નવલકંઠ જલ દમંદ્રરવ

નવન ભકેન વવિહગ વૃંદકો

નવ પરન વસ્વર દે

વરદે......વીણા વાદિની વરદે.........વરદે

વરદે......વીણા વાદિની વરદે.........વરદે

# શ્રી માં મોમાઈ સ્તુતિ

નમો દેવી મોમાઇ માતા દયાળી
પ્રસન્નહો પ્રસન્નહો મોરાગઢ વાળી
નામો ભગવતી ધીંગી ધજાળી
નમોમાત મોમાઇ મોરાગઢ વાળી..............(૨)
રાધારાણી માં મોમાઇની ભકિત કરે છે
આવી હું, રેની એવિ સ્તુતિકરે છે
રંગાયા હદયમાં ભકિતના રંગે
કરે વીતે આવીને ઉજા ઉમંગે
હુકમ તારો ચૌદા હે બ્રહ્માંડે હાલે
માં તારી કૃપાથી સુખેલો કમાલે
કૃપા હોય તારી ત્યાં આનંદ જોરે,
જુલે જગતઆ તારા વિરાટ ખોળે
નમો દેવી મોમાઇ માતા દયાળી
પ્રસન્નહો પ્રસન્નહો મોરાગઢ વાળી .....................(૨)
હે મોમાઇમાં, હેવિશ્વની વિધાત્રી
કોટિ કોટિ વંદન હે માં કલ્યાન દાત્રી
સુની ભકતોનો સાદ તુંસહાય કરતી
ત્રીવિધતા પટાળીશીની ચાયદંતી
શ્રદ્ધા ભેલીચાળી, લખ્યાતુજ ઉપાયે
છોરું માને, માનો ભરોસો સદાયે
આ ભવસાગરે કઇ તોફાન ઉઠે
ધીરજ કેમ ધરવી હૈયે હામ ખુટે
નમો દેવી મોમાઇ માતા દયાળી
સુણી પ્રેમ પોકાર દોડેમાં દયાળી
આ સંસાર સાટે ખીલેરે ઉગારી
મા આવો મા આવો મા આવો મા આવો
બચાવો બચાવો બચાવો બચાવો
મોરાગઢથી માં સાંઢડી ને હંકારો
સુની વિનંતી માં વહેલા પધારો
વિઘન કા વૈગો દુખડા કાપજો
નિરામયને સુખમય જીવન આપજો માં
નમો દેવી મોમાઇ માતા દયાળી
પ્રસન્નહો પ્રસન્નહો મોરા ગઢવાળી.............(૨)
કૃપાળી કૃપા દ્રષ્ટિ વેગે કરો માં
બધીવ્યાધી માંથી ઉપાધી હરોમાં
કરૂણા કરૂણા કરૂણા કરો માં
ભોળા છોરુંના સર્વ સંકટ હરોમાં
નમો જીવનદાય, સુખદાય, વરદાય,
મા મોમાઇ માં મોમાઇ મા મોમાઇ
ઘેલોશ્યામ પેલો માં તુજ ભકિત માહી
મામ્પાહી મામ્પાહી મામ્પાહી મામ્પાહી
નમો દેવી મોમાઇ માતા દયાળી
પ્રસન્નહો પ્રસન્નહો મોરા ગઢવાળી.............(૨)

# શ્રી વાઢેર પરિવાર

## ઈતિહાસ

- ઉત્પત્તિ
- વંશ - વિસ્તાર
- પરિવર્તન
- ગોત્ર - શાસ્ત્રીયઓળખ

# શ્રી વાઢેર પરિવાર-ઈતિહાસ

શ્રી વાઢેર પરિવાર વિશે આપણે કંઇ કહેવું હોય,
કે જે ને શબ્દોમાં તેની ઓળખ આપવી હોય તો તેને આ રીતે આપી શકાય કે...............

**''ક્ષત્રિયને સાજે તેવો તેનો ધર્મ,**
**વૈશ્યને ધારી ને કરે છે નિજકર્મ,**
**માં મોમાઇ ની છે જે ના પરછાયા,**
**એવી નિત્ય છે વાઢેર કુળની માયા,**
**દોડે સદાએ ધરમને ધીન્ગાણે,**
**અને કરે દાન નિત્ય કરમ ને ટાણે**
**ગામ જમાડીને, પછી બેસે છે નિજભાણે,**
**જગ આખું તેને વાઢેર કુળ જાણે**
**માં મમાઈ ની જેના પર કૃપા વરે,**
**દાદા વાકિદાસ જેની સદા રક્ષા કરે**
**જગ આખામાં તો એ સૌ ફરે,**
**સદા હૈયું એ નિજ વતન ને ધરે...''**

આમ સમગ્ર વિશ્વમાં જે પથરાયેલો છે પોતાના કાર્યોથી જેને આસંસારમાં ડંકો વગાડેલ છે. તેવો વાઢેર પરિવાર, કે જે જુદા-જુદા દેશોમાં વસે છે છતાં પોતાનું હૈયું, પોતાનું મન, પોતાના વતનને જે અર્પણ કરે છે. એવા આ વાઢેર પરિવારને કોટિ-કોટિ વંદન...



# શ્રી વાઢેર પરિવાર-ઉત્પત્તિ

**''નમું દોઉં કર જોડી, ગણપતિ લાગુ પાય,**
**સબ જનકો કહું કી વાઢેર વંશ મહાન,**
**આદિનારાયણ ઉત્પન હુઆ, તે થકી બ્રહ્મા પરિવાર,**
**સુર્ય વંશી કઇ પેરેથયા, મારી ચાય તણુંગોત્ર ગણાય,**
**સરસ્વતિ સન્મતિ દેઓ, મોહ મતીમાં,**
**કથા આ સર્વ સંક્ષેપમાં, તેનું અહી વર્ણન કરાય,**
**વાઢેર વંશ વખાણવા સૌ, શુદ્ધ-બુદ્ધ કરો સહાય''**

આપણી સૃષ્ટિ, આપણો સંસાર આ સમયના ચક્રમાં ચાલે છે અને આ સમય ચક્રચાર પાંખમાં વહેચાયેલો છે અને તે યુગ કહેવાય છે. આ ચાર યુગ નીચે પ્રમાણે છે.

**(૧) સત્યયુગ**
**(૨) ત્રેતાયુગ**
**(૩) દ્વાપરયુગ**
**(૪) કલિયુગ**

આમ, જયારે-જયારે એક યુગ પૂર્ણ થાય છે ત્યારે ત્યારે તે સમયનાં વ્યવહારમાં પરિવર્તન આવે છે. આ ચારેય યુગનાં અંત માં પ્રલય થાય છે ત્યારે આ પ્રલય આવનારા નવાયુગનો સંકેત આપે છે અને આ પ્રલયની શરૂઆત એટલે કે ભગવાન બ્રહ્માની એક રાત્રી ની શરૂઆત અને આ રાત્રી પુરી થાય ત્યાં સુધી આ પ્રલય ચાલુ રહે છે. આ રાત્રી પૂરી થતાંજ એક નવાયુગ ની શરૂઆત થાય છે. આમ આ સૃષ્ટિમાં સૌ પ્રથમ ભગવાન આદિનારાયણનું અવતરણ થયું, ત્યાર બાદ તેની નાભી માંથી કમલાસન ભગવાન બ્રહ્માજી પ્રગટ થયા અને ભગવાન આદિનારાયણના ભાલ માંથી સ્વયંભું ભગવાન રૂદ્ર પ્રગટ થયા. આ ત્રિદેવ સૃષ્ટિના પાલનહાર, સર્જનહાર અને સંહારક દેવગણાય છે. આ દેવોના પ્રાગટય બાદ આ સૃષ્ટીની વૃદ્ધિ અને તેમના સંચાર માટે માનવની જરૂર પડી. આથી ભગવાન પરમપિતા બ્રહ્માજીએ સૌ પ્રથમ પોતાના દશમાનસ પુત્રો પ્રગટ કર્યા, જેમા...

**'' ત્વચાથી ભગવાન શ્રી ભૃગુ**
**મનથી ભગવાનશ્રી મરીચી**
**હાથથી ભગવાનશ્રી કૃતુ**
**મુખથી ભગવાનશ્રી અંગીરા**
**કાનથી ભગવાનશ્રી પુલત્સ્ય**
**નાભીથી ભગવાનશ્રી પુંલહ**
**પ્રાણથી ભગવાનશ્રી વસિષ્ઠ**
**અંગુઠાથી ભગવાનશ્રી દક્ષ**
**ગોદમાં થી ભગવાનશ્રી નારદ......અને**
**આંખ માંથી ભગવાનશ્રી અત્રિ''**

ભગવાનશ્રી બ્રહ્માજી આ દશ પુત્રો કે જે માનસ પુત્રો તરીકે ઓળખાય છે. તેનું આ વર્ણન આપણા શાસ્ત્રો અને પુરાણોમાં જોવા મળે છે. ત્યાર પછી બ્રહ્માજીએ પૂર્વજના પૂર્વજ એવા ભગવાન ધર્મરાજ એટલે કે ભગવાન યમરાજને ત્પન્ન કર્યા અને ત્યારથી આ સૃષ્ટિમાં સૌ પ્રથમ સુર્યવંશની શરૂઆત થઇ અને ત્યાર બાદ આગળજતા તેમાંથી ચંદ્રવંશ થયો અને તે પછી ઋષિ વંશ અને ત્યાર પછી અગ્નિવંશ નો ઉદ્ભવ થયો. શરૂઆતમાં પૃથ્વી પર મુખ્ય ચાર વર્ણો હતા અને ત્યાર બાદ તેમાંથી કર્મ પ્રમાણે તે ચાર વર્ણમાંથી અઢાર થયા અને તે મુખ્ય ચાર વર્ણો નીચે પ્રમાણેના છે.

**(૧) બ્રાહ્મણ : જે વિદ્યા આપવાનું અને કર્મકાંડનું કાર્ય કરતા હતા.**

**(૨) ક્ષત્રિય : જે સમાજ અને દેશની સુરક્ષાનું કાર્ય કરતા હતા.**

**(૩) વૈશ્ય : જે વેપાર અને વાણિજયનું કાર્ય કરતા હતા.**

**(૪) શુદ્ર : તે ઉપરના વર્ણને ત્યાં સેવાનું કાર્ય કરતા હતા.**

વાઢેર જાતિ, ક્ષત્રિય વર્ણમાં આવે છે, ત્યાર બાદ કર્મ પ્રમાણે તે મોચી, જણસારી એટલે કે વૈશ્યવર્ણમાં પ્રર્વતમાન થયા. વાઢેર એ રાઠોડ વંશની એક પ્રગટ પાંખ છે. આમ ક્ષત્રિયોનાં કુલ છત્રીસ વંશ છે કે જે સુર્ય વંશી છે. હિંદુ ધર્મના શાસ્ત્રો અને પુરાણોના કહેવા પ્રમાણે આ બ્રહ્માંડમાં કુલ ચૌદ લોકો આવેલા છે . જે નીચે પ્રમાણે છે.

**(૧) ભૂઃ લોક**

**(૨) જલ-લોક**

**(૩) સ્વર્ગ-લોક**

**(૪) નરક-લોક**

**(૫) જનસ-લોક**

**(૬) તપસ-લોક**

**(૭) સત્ય લોક**

ઉપરનાં આ સાત-લોક સ્વર્ગ-લોક તરીકે ઓળખાય છે અને ત્યાર પછીના નીચેના સાત-લોક, પાતાલ-લોક તરીકે ઓળખાય છે.

**(૮) અતલ-લોક**

**(૯) વિતલ-લોક**

**(૧૦) સુતલ-લોક**

**(૧૧) તલાતલ-લોક**

**(૧૨) રસાતલ-લોક**

**(૧૩) મહાતલ-લોક**

**(૧૪) પાતાલ-લોક**

આમ સાત ઉપર ના સ્વર્ગ લોક અને સાત નીચેના પાતાલ લોક મળીને કુલ ચૌદ લોકનો વિસ્તાર મહર્ષિ કશ્યપની ચૌદરાણી થકી થયો છે, જે આપણે હવે વિગત વાર જોઇએ, ભગવાનશ્રી આદિનારાયણની નાભિ-કમળમાંથી ભગવાનશ્રી બ્રહ્માજી પ્રગટ થયા એન બ્રહ્મા માંથી ભગવાનશ્રી મરીચી થયા અને ભગવાન મરીચી માંથી મહર્ષિ શ્રી કશ્યપ થયા અને આ મહર્ષિશ્રી કશ્યપે ચૌદલોકનો વંશ વિસ્તાર કર્યો. મહર્ષિશ્રી કશ્યપને ચૌદ રાણીઓ હતી. જે નીચે પ્રમાણે છે.

**(૧) દિતિ-દાનવોની માતા**

**(૨) અદિતિ-દેવોની માતા**

**(૩) કુન્દાતા-નવકુળનાગની માતા**

**(૪) વનિતા-અરરાડુંગર સમ્પાનની માતા**

**(૫) સોનપ્રભા-નવ લાખ નક્ષત્રો ની માતા**

**(૬) સોમવંતિ-ચંદ્રદેવની માતા**

**(૭) સુલતાદેવી-સુર્યદેવની માતા**

**(૮) કુરુમાલા-આઠ પર્વતોની માતા**

**(૯) મેઘનંદા-છપ્પન કરોડ મેઘ માલની માતા**

**(૧૦) પદમાવતી-અઠ્ઠાશીહજાર ઋષિઓની માતા**

**(૧૧) કનકરેખા-પક્ષીઓની માતા**

**(૧૨) રૂપમાલા-ચોર્યાશીલાખ જીવજંતુઓની માતા**

**(૧૩) રૂપસીલા-અઢાર લાખ વનસ્પતિઓની માતા**

**(૧૪) રૂપવંતી-દસ દીગપાલાની માતા**

આમ મહર્ષિ શ્રી કશ્યપની આ ચૌદ રાણીઓ થકી ચૌદ લોકનો વિસ્તાર થયો છે. તેમાં ત્રીજી રાણી કુન્દાતા હતી તેનાથી નવકુળ નાગ થયા હતા, તે નવકુળનાગ ના નામ નીચે પ્રમાણે છે.

(૧) શેષનાગ
(૨) વાસુકીનાગ
(૩) અનંતનાગ
(૪) તક્ષકનાગ
(૫) કર્કોટ્નાગ
(૬) કલીપનાગ
(૭) પીન્ગલનાગ
(૮) ધ્રુતરાષ્ટ્રનાગ
(૯) શંખનાગ

હવે વાઢેર જાતિ ક્ષત્રિય વંશમાં આવતી હોવાથી હવે આપણે ક્ષત્રિય વર્ણ વિષે જાણીએ....

ક્ષત્રિય જાતિમાં વર્ણ બ્રાહ્મણ પછી બીજા નંબરે આવે છે તે ખુબજ ઉત્તમ જાતિ છે. કારણ કે આ જ ક્ષત્રિય જાતિમાં ભગવાન ના કુલ ચોવીસ અવતારો માંથી ઘણા અવતારો થયા છે, જેમ કે શ્રીરામ, શ્રીકૃષ્ણ,શ્રી બુદ્ધ, શ્રી મહાવિર, શ્રી કલ્કી, શ્રી પૃથુ, શ્રી ઋષભદેવ અને શ્રીસનત કુમાર, ભગવાનશ્રી આદિનારાયણના ચોવીસ અવતારોના નામો નીચે પ્રમાણે છે.

(૧) સનતકુમાર
(૨) ભગવાન વરાહ
(૩) ભગવાન નારદ
(૪) ભગવાન નરનારાયણ
(૫) ભગવાન કપિલમુની
(૬) ભગવાન દત્તાયેત્ર
(૭) ભગવાન યક્ષ
(૮) ભગવાન ઋષભદેવ
(૯) ભગવાન પૃથુ
(૧૦) મત્સ્યાવતાર
(૧૧) કૂર્માવતાર
(૧૨) ભગવાન ધન્વન્તરી
(૧૩) મોહિની અવતાર
(૧૪) ભગવાન નૃસિંહ
(૧૫) ભગવાન વામન
(૧૬) ભગવાન હયગ્રીવ
(૧૭) ભગવાન શ્રી હરી
(૧૮) ભગવાન પરશુરામ
(૧૯) ભગવાન વેદવ્યાસ
(૨૦) ભગવાન હંસ
(૨૧) ભગવાન શ્રી રામ
(૨૨) ભગવાન શ્રી કૃષ્ણ
(૨૩) ભગવાન બુદ્ધ
(૨૪) ભગવાન કલ્કી

આમ ઉપર મુજબ ભગવાનશ્રી વિષ્ણુના આ પૃથ્વી પર કુલ ચોવીસ અવતાર થયા છે, તે માંથી નવમો અવતાર કે જે ભગવાન પૃથુરાજાનો હતો, તેઓએ યજ્ઞ કરીને ભગવાનશ્રી બ્રહ્માજીને પ્રસન્ન કર્યા હતા અને પછી બ્રહ્માજી પાસે ચારણ ગઢવી જાતિ કે, જે અર્ધ દેવ તરીકે ઓળખાય છે તે ઓ સ્વર્ગમાં વસતા હતા, તેઓની માંગણી કરેલી તો આ સાંભળીને ભગવાન બ્રહ્માજીએ જણાવ્યું કે આ ચારણ-ગઢવી જાતિને હું પૃથ્વીલોક મૃત્યુલોક માં મોકલું તો તેમના નિભાવ ખર્ચનું શું ?............. તો તે વખતે ભગવાન પૃથુરાજા એ ભગવાન બ્રહ્માજી ને વચન આપ્યું કે તેમના નિભાવ માટે, અમે ક્ષત્રિયો અમારી આવકનો દશમો ભાગ આજથી ચારણોને આપીશું,જેથી તેમનો જીવન-નિર્વાહ થઇ શકે ત્યારથી ચારણ-ગઢવી ક્ષત્રિયોના દશૌન્દિ કહેવાય છે.

''પૃથુ રાજાનું ચારણો અને ગઢવીઓને પૃથ્વી પર લઇ આવવાનું કારણ ક્ષત્રિય વર્ણની જાતિનું મહત્વ અને તેમનો ઈતિહાસ યાદ રાખવાનું તથા તેમને લખવાનું અને તેમનો પ્રચાર કરવાનું હતું. ''સ્વર્ગ માંથી મનુષ્યોના અવતરણ પછી ચાર જાતિ બ્રહ્મલોકમાં રહેતી હતી જે આવશ્યકતા અનુસાર મૃત્યુલોકમાં તેમનું અવતરણ થયું હતું, આ ચાર જાતિઓ આ મુજબની હતી.

**યક્ષો-જખ**
**ગંધર્વો-દેવોના સંગીતકાર**
**કિન્નરો**
**ચારણો-દેવની સ્તુતિ અને ગુણગાન કરતા**

આમ આગળ કહ્યું તે પ્રમાણે ક્ષત્રિય વર્ણમાં કુલ છત્રીસ વંશ છે, તેમના વિશેની કવિતા છે કે............

**''પહેલ ક્ષત્રીપંચ, અંગ ગાહે આચારે નામે, કામે ધામકુલ, જે હતી સાખ વધી બોલો પાળે,**
**પહેલા ક્ષત્રિ પરમાર સાખ, પાત્રીસે જાણું, બીજા થયા રાઠોડ જેની સાખતેર વખાણું,**
**ત્રીજા ના મયાદ વવિશેકૃલે કૃષ્ણ તારા, ચોથું નામ ચૌહાણ, સાખ ચોવીસે પધારા,**
**પંચમ નામ સોલંકી તણુંસાતે સાખેસુરીએન વાણું, સાખ સતયુગ બીજાઅડી પાલબુજીયે''**

ઉપરોકત કવિતામાં વર્ણવ્યા મુજબ પરમાર, રાઠોડ, યાદવ, ચૌહાણ, સોલંકી વંશમાંથી બધા જ ક્ષત્રિયો ઉતરી આવ્યા છે અને વાઢેર વંશ રાઠોડ વંશ માંથી ઉતરી આવ્યો છે, હવે આગળ જણાવ્યું તે પ્રમાણે ક્ષત્રિય જાતિના છત્રીસ પેટા વંશ છે અને આ ક્ષત્રિય વંશોના મૂળ સુર્યવંશ, ચંદ્રવંશ, અગ્નિવંશ અને ઋષિવંશ છે તેમના વિશેની કવિતા નીચે મુજબ છે.

**'' દશરવિના, દશ ચંદ્રના, દ્રાદશઋષિના જાણું,**
**ચાર અગ્નિના પહેચાનું, આમ આજે છત્રીશ વંશ વખાણું ''**

આમ ઉપર મુજબ સુર્ય માંથી દશવંશ, ચંદ્ર માંથી દશવંશ, ઋષિ માંથી બાર વંશ, અને અગ્નિ માંથી ચાર વંશ આમ કુલ છત્રીશ ક્ષત્રિય જાતિના છે અને આપણો વાઢેર વંશએ, રાઠોડ વંશ માંથી અને રાઠોડ વંશ સુર્ય વંશ માંથી ઉતરી આવેલ છે, ક્ષત્રિય વંશની છત્રીસ જાતિના નામ નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ઇશ્વાકુ | (૧૩) | ટાંક-તક્ષક | (૨૫) | દોડા |
| (૨) | ઇન્દુ | (૧૪) | જાટ | (૨૬) | ગેહર્વાલ |
| (૩) | ગેહલોત | (૧૫) | હૂણ | (૨૭) | બડગુજર |
| (૪) | યાદવ (આહિર) | (૧૬) | કાઠી | (૨૮) | સેન્ગાર |
| (૫) | તુવ્વાર | (૧૭) | બાલા | (૨૯) | સીકાર્વાલ |
| (૬) | રાઠોડ | (૧૮) | ઝાલા | (૩૦) | બાઇસ |
| (૭) | કછવાહ | (૧૯) | જેઠવા | (૩૧) | દાહીયા |
| (૮) | પરમાર | (૨૦) | સીલાર | (૩૨) | જોહિયા |
| (૯) | ચૌહાણ | (૨૧) | ગોહિલ | (૩૩) | મોહિલ |
| (૧૦) | સોલંકી | (૨૨) | સરવૈયા | (૩૪) | નીકુમ્ચા |
| (૧૧) | પઢિયાર | (૨૩) | ડાભી | (૩૫) | રાજપાલી |
| (૧૨) | ચાવડા | (૨૪) | ગૌડ | (૩૬) | દાહિમાં |

**આમ આ છત્રીસ સાખ કે જે ક્ષત્રિયો તરીકે ઓળખાય છે.**

હિન્દુ ધર્મના શાસ્ત્રો અને પુરાણો ના કથન પ્રમાણે આ પૃથ્વી પર જીવસૃષ્ટિને ઉત્પન્ન થયે હજુ ૧,૯૭,૨૯,૪૯, ૦૩૩ વર્ષ થયા છે એટલે કે, આપણી આ પૃથ્વીની અત્યાર સુધીની ઉંમર એક અબજ સત્તાણું કરોડ ઓગણત્રીસ લાખ ઓગણ પચાસ હજાર અને તેત્રીસ વર્ષ થયા છે.

જીવજતું તથા પશુ પંખીઓને ઉત્પન્ન થયે ૧,૯૫,૫૮,૮૫,૦૩૨ વર્ષ એટલે કે એક અબજ પંચાણું કરોડ અઠ્ઠાવન લાખ પીન્ચાસી હજાર બત્રીશ વર્ષ થયા છે. હવે આ શાસ્ત્રો અનુસાર જોઈ એ તો ૧૭,૨૮,૦૦૦ વર્ષ સત્યયુગનાં, ૧૨,૯૬,૦૦૦ વર્ષ તેત્રાયુગના, ૮,૬૪,૦૦૦ વર્ષ દ્વાપર યુગના અને ૪,૩૨,૦૦૦ વર્ષ કળયુગના છે. અને આ દરેક યુગ પુરો થાય ત્યાર પછી પ્રલય થાય છે. આ પ્રલય પછી ફરી એક નવી સૃષ્ટિની નવ રચના થાય છે. આ પ્રલય એટલે ભગવાન બ્રહ્માજીનો એક દિવસ તેને જાણીએ તો આ ચારે યુગ ભેગા થાય એટલે એક મહાયુગ કહેવાય અને આ મહાયુગ ૪૩,૨૦,૦૦૦ એટલે કે તેતાલીસ લાખ વીસ હજાર વર્ષનો હોય છે. આવા એકોતેર મહાયુગ થાય એટલે એક મન્વન્તર કહેવાય અને આ એક મન્વન્તર ૨૩૦,૬૭,૨૦,૦૦૦ વર્ષ એટલે ત્રીસ કરોડ સડસઠ લાખ અને વિસ હજાર વર્ષનો હોય છે અને આવા ચૌદ મન્વન્તર થાય એટલે તે એક કલ્પક કહેવાય અને આ એક કલ્પક, ૯૫૪,૩૨૦,૦૦૦,૦૦૦ એટલે કે ચાર અબજ બત્રીસ કરોડ વર્ષનો હોય છે અને આ વા બે કલ્પક થાય ત્યારે ભગવાન બ્રહ્માજીનો એક દિવસ કહેવાય છે.

ભગવાન બ્રહ્માજીનો જીવનકાળ એક મહાકલ્પ જેટલો હોય છે અને આ મહાકલ્પ એટલે કે ૩૧,૧૦,૪૦,૦૦૦, ૦૦૦,૦૦૦ વર્ષ થાય છે. અને આ એક દિવસ પૂરો થાય ત્યાં સુધી પ્રલયકાળ ચાલુ રહે છે અને તે દિવસ પૂરો થયા પછી એક નવી સૃષ્ટિ ની નવરચના થાય છે અને આમ આ જીવસૃષ્ટિનું ચક્ર ચાલ્યા કરે છે.



# હવે આપણે વાઢેર વંશ-સૂર્ય વંશ વિષે જાણીએ તો...

સૂર્ય-વંશ, રાઠોડ-વંશ, વાઢેર-વંશની પહેલાથી જ શાસ્ત્રો અનુસાર વંશાવલી હતી જે નીચે મુજબ છે.

**(૧) ભગવાનશ્રી આદિનારાયણ**
**(૨) નાભી કમળમાંથી ભગવાનશ્રી બ્રહ્માજી**
**(૩) મરીચી**
**(૪) કશ્યપ**
**(૫) અદિતિ**
**(૬) વિશ્વાન સુર્ય-તે થકી સુર્ય વંશની શરૂઆત થઇ**
**(૭) ભગવાન-મનુ જાતિના આદ્યપિતા કહેવાય, તેથી આપણે સૌ મનુષ્ય કહેવાય**
**(૮) ઈશ્વાકુ-ભગવાન મનુ નાછીંક ખાવાથી તે ઉત્પન્ન થયા હતા.**
**(૯) વિકાસી-ષષદ**
**(૧૦) કુકાશ્ય**
**(૧૧) વેન**
**(૧૨) વિશ્વારુંધી**
**(૧૩) ચંદ્ર-આર્દ**
**(૧૪) ચુનાશ્વ**
**(૧૫) સ્રવાસ્તી**
**(૧૬) બૃહસ્થ**
**(૧૭) હજાર**
**(૧૮) ઘંધુ**
**(૧૯) લપીલાસ્વ**
**(૨૦) હર્શાસવ**
**(૨૧) નીકુમ્ભ**
**(૨૨) બ્રહ્મનાસવ**
**(૨૩) કુશાસવ**
**(૨૪) સેનજીત**
**(૨૫) પુવનાસવ**
(૨૬) માંધાતા
(૨૭) અંબરીશ
(૨૮) ચાસદ્રસ્ય
(૨૯) અરણ્ય
(૩૦) હર્શસ્વ
(૩૧) અરૂણ
(૩૨) ત્રીબંધ
(૩૩) સત્યવ્રત
(૩૪) હરિચંદ્ર
(૩૫) રોહિત
(૩૬) હરિત
(૩૭) ચંપ
(૩૮) સુદેવ

(૩૯) વિજય
(૪૦) સુરુક
(૪૧) વ્રુક
(૪૨) બાહુક
(૪૩) સગર
(૪૪) અસમાન્ચ
(૪૫) અંશુમાન
(૪૬) દિલીપ
(૪૭) ભગીરથ
(૪૮) શ્રુત
(૪૯) નાભ
(૫૦) સીન્ધુવીચ
(૫૧) અચુના
(૫૨) રુતુંપુર્ણ
(૫૩) સર્વકામ
(૫૪) સુદામ
(૫૫) કલામાંકપાદ
(૫૬) સૌદાસ
(૫૭) મુકુલ
(૫૮) દશરથ
(૫૯) એડ્વિક
(૬૦) વિસ્વસાહે
(૬૧) ખાટવાંગ
(૬૨) દીર્ઘબાહુ
(૬૩) દિલીપ
(૬૪) રઘુ
(૬૫) રાજાઅજ
(૬૬) દશરથ
(૬૭) ભગવાનશ્રી રામચંદ્રજી
(૬૮) લવ અને કુશ

ભગવાનશ્રી રામના પુત્ર કુશની કેટલી પેઢીએ રાઠોડ વંશ શરૂ થયો અને આ રાઠોડ વંશ બાવીસમી પેઢીએ જય ચંદ્ર રાઠોડ નામનો એક મહારાજા થઇ ગયો અને તે રાઠોડ વંશ માંથી આ વાઢેર વંશ થયો, હવે આપણે તેમની પેઢી જોઇએ.

(૧) ધર્માલંબ
(૨) માન
(૩) વિરચંદ્ર
(૪) અમર વિજય
(૫) સુજન વિનોદ
(૬) પદમ
(૭) એન્હાર
(૮) વાસુદેવ
(૯) ઉગ્ર પ્રભાવ
(૧૦) મુકતાન
(૧૧) ભરત
(૧૨) અનાલ કુલ
(૧૩) ચંદ્ર
(૧૪) દેવદાસ
(૧૫) ગ્રુહાર
(૧૬) મહીચંદ્ર
(૧૭) ચન્દ્ર દેવગ
(૧૮) મદનપાલ
(૧૯) ગોવીન્દ્રચંદ્ર
(૨૦) લક્ષ્મીપાર
(૨૧) વિજયચંદ્ર
(૨૨) જય ચંદ્રરાઠોડ -કનોજનો રાજા-રાજસ્થાન
(૨૩) બરદાઇસનજી
(૨૪) સહત્રામજી
(૨૫) શીચોજી
(૨૬) રાવસિંહજી
(૨૭) અજજસિંહજી
(૨૮) વેરાવલજી, વજેરાજજી અને તેમના પિતરાઇ ભાઇ કરણસિંહજી

આ વેરાવલજીના વંશજો વાઢેર કહેવાયા અને વેરાવલજી થકી વાઢેર કુળની ઉત્પત્તિ થઇ હોવાનું મનાય છે.

આમ સુર્ય વંશ માંથી, રાઠોડ વંશની ઉત્પત્તિ થઇ અને રાઠોડ વંશ માંથી વાઢેર વંશની ઉત્પત્તિ થઇ છે.જય ચંદ્રરાઠોડના વંશમાં થયેલ વેરાવલજીના વંશજો વાઢેર કહેવાય તેવું મનાય છે. અને તેમના નામ પરથી જ ગુજરાત રાજયના એક બંદરનું નામ વેરાવળ પડયું હતું. વેરાવલજીને ત્રણ ભાઇઓ હતા, પ્રથમ વેરાવલજી કે જેનાથી વાઢેર વંશ થયો, બીજા વજેરાજજી જેના વંશજો વાજા રજપુતો થયા અને ત્રીજા તેમના પિતરાઇભાઇ કરણસિંહજી જેના વંશજો ગુજરાત એટલે કે અમદાવાદ તરફના વિસ્તારમાં પથરાયેલો છે. આમ વાઢેર વંશનું નામ વિક્રમ સંવત ૧૧૩૨ માં અસ્તિત્વમાં આવ્યું હોવાનો ઈતિહાસકારોનો મત છે.



# શ્રી વાઢેર પરિવાર વંશ-વિસ્તાર :

આગળ મુજબ સૂર્યવંશમાથી ભગવાન રામનો જન્મ થયો અને ભગવાન રામ ના વંશમાં જ રાઠોડ વંશ થયો અને રાઠોડ વંશની અઠ્ઠાવીસ પેઢીએ વાઢેર વંશ થયો છે. વાઢેર વંશના વિસ્તાર અને તેમનું નામ વાઢેર કઇ રીતે પડયું તે બાબતમાં ઈતિહાસકારો વચ્ચે બે મત છે. પ્રથમ મતતો આગળ જણાવ્યા પ્રમાણે છે.

સુર્યવંશમાંથી બાવીસમી પેઢીની પાંખે એટલે કે ભગવાન રામના પુત્ર કુશની અમુક પેઢીએ થી રાઠોડ વંશ શરૂ થયો અને આ રાઠોડ વંશ બાવીસમી પેઢીએ જયચંદ્ર રાઠોડના નામનો મહાન રાજા થયો અને આ જયચંદ્ર રાઠોડની પેઢીમાં તેના વંશમાં એટલે કે રાઠોડ વંશમાં અઠીયાવીસમી પેઢીએ વેરાવલજી થયા અને તેમનો વંશ વાઢેર વંશ થયો. ભગવાનશ્રી રામના બે પુત્રો હતા કુશ અને લવ અને કુશના બે પુત્રો હતા રવિકુમાર અને શિવકુમાર, રવિકુમાર કે જેનાથી વાઢેર વંશ થયો, લવના વંશમાં મેવાડના સિસોદિયા, ગેહલોત, મહારાણા અને ગોહિલ થયા, જયારે કુશના વંશમાં કુશ વાહાન અને રાજપુત ઉત્પન્ન થયા. આ કુશ વાહામાં થી જ રાઠોડ વંશ ઉત્પન્ન થયો હોવાનું મનાય છે. અને રાઠોડ વંશની તેર શાખા ઓ હતી અને તેમની એક શાખા વાઢેર તરીકે ઓળખાય છે. ભવિષ્ય પુરાણમાં રાઠોડોને રાષ્ટ્રપાલ તરીકે ઓળખવામાં આવ્યા છે અને રાષ્ટ્રપાલ એટલે કે રાષ્ટ્રનું રક્ષણકરનારા તેવો અર્થ થાય છે. કનોજ પતિ જયચંદ્ર રાઠોડ ના મુસલમાન બાદશાહ મોહમ્મદ ઘોરી સાથે પરાજય થયા બાદ તેના વંશજો રાજસ્થાન છોડીને જુદા-જુદા વિસ્તારોમાં ગયા, જેમાં બે ભાઇઓ વેરાવલજી તથા વજેરાજજી સૌરાષ્ટ્રમાં આવ્યા અને આરંભમાં વાઢેર વંશની રાજગાદીની સ્થાપના કરી વેરાવલજી વાઢેરોના કાઠીયાવાડ પ્રદેશથી મૂળ પુરૂષ ગણાય છે. વેરાવલજીના નામ પરથી વેરાવળ બંદરનું નામ પડયુ છે. વેરાવલજી સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે અહીં સ્થાનિક સત્તાધીશો ચાવડા તથા હેરોલ જાતિના પુતો હતા, તેમની સાથે લડાઇ કરીને અને તેમના માથા વાઢીને તેમના ઢગલા કર્યા હતા, આમ દુશ્મનોનોના માથા વાઢી-કાપવાથી વેરાવળના વંશજો વાઢેર કહેવાયા. ઈતિહાસકારોનો એવો મત છે કે વિક્રમ સવંત ૧૧૩૨ માં તેઓ વાઢેર કહેવાયા અને જો ઇસવીસન પ્રમાણે કહીએ તો ઇ.સ. ૧૦૭૬ માં તેઓ વાઢેર કહેવાયા અને વાઢેરના નામથી જાણીતા થયા.

દિલ્હીની ગાદી ઉપર પૃથ્વીરાજ ચૌહાણ સુર્ય વંશનો છેલ્લો રાજા રાજય કરતો હતો. તે સમયે તેનો માસીયાઇ ભાઇ જયચંદ્ર રાઠોડ રાજય કરતો હતો. એ સમયમાં જયચંદ્ર રાઠોડની વાગ્દતા સયુંકતાનું અપહરણ કરી પૃથ્વરાજ દિલ્હી આવ્યાંનું જાણી જયચંદ્ર રાઠોડ અરબસ્તાનના બાદશાહ મોહમ્મદ ઘોરીને સહકાર આપીને પૃથ્વીરાજ ચૌહાણનો અંત આણ્યો. આમ દિલ્હીની ગાદી મુસ્લિમ વંશના હાથમાં અંગત વેર ભાવ અને ખટપટ ને કારણે આવી. આ જયચંદ્ર રાઠોડ વંશનો મહાન રાજા હતો કે જે કનોજ માં રાજ કરતો હતો, તેમને બે પુત્રો પણ હતા અને તે પણ ખુબ બહાદુર હતા. તેમના નામ અસાજી અને રણમલ હતા. એ સમયે તેમને કોઇ કે કહયું કે " તમે સમગ્ર રાઠોડ વંશના રાજપુત રાજા હોવા છતાં ગુજરાતમાં સાબરકાંઠા વિસ્તારોમાં ઇડર નામના પરગણામાં રાઠોડ રાજપુતોને હરાવી-મારીને શામળિયો ભીલ આદિવાસી રાજા બનીને બેઠો છે. શું આસ-પાસના વિસ્તારોમાં તેની સામે લડાઇ કરી, તેને હરાવી શકે તેવો કોઇ સમર્થ રાજપુત રાજા નથી....?

આ સંભાળીને શામળિયા ભીલ ને હરાવવાની પ્રતિજ્ઞા કરી અસાજી અને રણમલ ક્ષત્રિય વટે ભરાઇને, ક્ષત્રિયોનું રાજય સ્થાપવાના અરમાનો લઇને ઇડર પર લશ્કર લઇને ચડાય કરી, આંબા-આંબલી અને દ્રાક્ષથી શોભતા ઇડર વિસ્તાર ને રગદોળવા બન્નેભાઇઓ આવી ચઢયા, પરંતુ તેમને મને માહિતી મેળવતા જાણવા મળ્યું કે સામી જાતિ ભીલોની છે અને આ હજારો ભીલોને આસાનીથી હરાવી શકાય તેમ નથી. આથી તેમણે બુધ્ધિ અને ચતુરાઇ વાપરી, "જે ના જીતાય બળથી તે જીતાય કળથી " તે યુકિત પ્રમાણે અસાજી અને રણમલે એક-એક કોથળામાં ચાર-ચાર સૈનિકો ગોઠવીને પોઠ બનાવી અને પછી તેને ઊંટ ઉપર ગોઠવીને શામળિયા ભીલ ને કહેવડાવ્યું કે, તમે અમારા દૂરના મામા થાવ છો ઇડરની ગાદી એ બેઠા છો તે જાણીને દૂર-દૂર થી તમારા માટે હીરા-મોતી ઝવેરાત અને અરબસ્તાન દેશનો માલભરીને આપણા ચરણેભેટ ધરવા આવ્યાં છીએ અને અમે કનોજગઢથી આવીએ છીએ, દરવાન મારફતે શામળિયાભીલે વાત સાંભળી અને ત્યાર બાદ દરવાને દરવાજો ખોલવાનો હુકમ કર્યો, આવી રીતે ચતુરાઇથી દરવાજો ખોલાવ્યા પછી પોઠોની અંદર થી લશ્કરના યોદ્ધાઓને બહાર કાઢે તે પહેલા, ખાતરી કરવા માટે ભીલોએ કોથળામાં ભાલા માર્યા, આમ ભાલા મારવાથી લોહીની ધાર છુટી, આમ શામળિયા ભીલને વિશ્વાસઘાત થયા હોવાની ખાતરી થઇ પરંતું એટલી વારમાં તો

કોથળા છુટા થયા અને સામ-સામે શામળિયા ભીલના સૈનિકો અને અસાજી-રણમલના સૈનિકો આવી ગયા અને જયારે શામળિયા ભીલને જાણ થઇ કે દગો રમાયો છે ત્યાં સુધી તો ઘણું મોડું થઇ ગયું હતું ઇડરમાં ઘણાં ભીલો હતા અને સામે પણ આ રાજપુત સૈનિકો પૂરા ત્રણ હજાર હતા, લશ્કરી યુદ્ધ થયું અને છેવટે હારવાની અણી ઉપર આવતા શામળિયા ભીલ જંગલમાં નાસી ગયો, આમ ઇડર નો ગઢ જીતીને અસાજી ઇડરની ગાદી ઉપર બેઠો.

બીજો ભાઇ રણમણ ઇડરથી દૂર હડામંડા જીતી ત્યાની ગાદી ઉપર બેઠો અને પોતાના પ્રદેશનો વિસ્તાર વધારીને રાજ કરવા લાગ્યો.

આ બાજુ જીવતો ભાગેલો શામળિયા ભીલે થોડાજ વખતમાં ભીલસેના ઉભી કરી અને હડામંડા ઉપર ચઢાઇ કરી, ભીલોની સેના ઘણી હતી તેમ છતાં રણમલજીએ બહાદૂરીપૂર્વક તેમનો સામનો કર્યો અને અંતે હાર્યા અને રણમણજી વિરગતીને પ્રાપ્ત થયા, આમ ફરી શામળિયો ભીલ હડામડાની ગાદીએ રાજયદ્રઢ થયો, ઇડરની ગાદી ભોગવતો અસોજી એકલા કંઇ કરી શકે તેમ ના હતા તેથી કનોજમાં જયચંદ્ર રાઠોડને એક ભાઇ રતનસિંહ અસોજીના કાકા, જોધપુરની ગાદીએ બેઠા હતા, તેની પાસે જઇને અસાજી એ તેમને હાંકલ મારી કે‘‘ધરતી પર પરદેશીઓ આક્રમણ કરતા હોય, સ્ત્રીઓની આબરૂ લુંટાતી હોય, ધર્મ બદલાવ થતો હોય, એ વખતે ઘરમાં કાયર થઇ ને બેઠા રહેનારા નપુસંકો નથી તમે ? આવા વખતે તો કોઇ રંક હોય કે રાજા તેણે મરીને ખપીજવું એજ શ્રેષ્ઠ છે અને વિરપુરૂષોનો એજ માર્ગ છે’’

આ સાંભળીને જોધપુરના નરેશ રતનસિંહજી એ તુરંત જ તૈયારી કરી શૂરવિરોની એક સેના લઇ જોધપુરથી નીકળી હડામંડાના પાદર માં ધામા નાખ્યા, શામળિયા ભીલને જાણ થતા પોતાના ભીલ સૈનિકોને તીર અને ભાલા લઇ ને સાબદા કર્યા અને સામ-સામે યુદ્ધ ચાલ્યું, રાજપુતોના કસાયેલા અને લડાયક જનૂની મિજાજે ભીલોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો અન શામળિયો શોઢો મરાયો અને હડામંડાની ગાદી ઉપર રતનસિંહજીએ પોતાના દીકરા કરણસિંહજીને બેસાડયો અને તે પોતે જોધપુર ચાલ્યા ગયા.

ત્યાર બાદ તે સમયમાં સોમનાથના મંદિરની સમૃદ્ધિ અને તેના સામર્થ્યની વાતો સાંભળીને ઇ.સ.૧૨૯૬ માં દિલ્હી ની ગાદી ઉપર બેઠેલો બાદશાહ અલ્લહાદીન ખીલજીએ સોમનાથ મંદિરનો નાશ કરવા લશ્કર સાથે ચઢાઇ કરી. તે સમયે ગુજરાતના સિધ્ધપુર પાટણના રાજા ભીમદેવ સોલંકી એ ગુજરાતના રાજપુત રાજાઓને મદદ કરવા માટે હાકલ કરી, આથી ગુજરાતના સમગ્રરાજા-રાણાઓ ભગવાન સોમનાથને બચાવવા ચાલી નીકળ્યા તે સમય હડામંડાની ગાદી ઉપર ના રાજા કરણસિંહજી રાઠોડ પણ સોમનાથ રખેવાળીએ પોતાના લશ્કર સહિત ઉપડી પડયા. જયારે કરણસિંહજી લડાઇ માટે જવા નીકળ્યા ત્યારે તેમના ધર્મ પત્નિ રાણી દેવમતીએ ક્ષત્રાણીને છાજે તેવું કાર્ય કર્યું, કરણસિંહજીને વિદાય આપતી વેળાએ ક્ષત્રાણીને સાજે એવા ધર્મ વચન કહ્યા હતા, જે નીચે મુજબના હતા....

‘‘કંથા ! રણમે જાયકે, મારજે કા મરજે સામે ઘા, પીઠ દેખાડી આવીશ તો હું બેન અને તું ભા, હે કંથા જો રણમે જાય કે વળતી પામીશ હાર, તો સાહેલી મેણા મુને મારશે, કે આ કાયર દી હું નાર, હે કંથા રણમે જાય કે થજે લોહી બંબોળ, જોળી આવે ત્રબકતી વો મરદોના એંધાણ ’’

‘‘ અર્થાત... હે પ્રાણનાથ રણમાં જાય છે તો સામી છાતીએ મરજે કાં તો મારજે, પીઠ દેખાડીને જીવ તો પાછો આવીશ તો હું તારી બહેન અને તું મારો ભાઇ જાણ જે,હે નાથ રણમાં ગયા પછી જો હારીને આવીશ તો મારી સહેલીઓ મને મેણા મારશે કે તું કાયર અને નમાલા ધણીની નાર છો માટે હે સ્વામીનાથ રણમાં જઇને તલવારોના ઘા ઝીલી લોહી બંબોળ થઇ તારી ઝોલી ઉપાડીને લોહીયાળ થઇને ઘરે પાછો આવે તો હું તમને ખરો મરદ જાણું’’

આ બાજુ સોમનાથના પટરાંગણ માં સામે બાજુએ અલ્લાહદીન ખીલજીના યવન સૈનિકો અને બીજી બાજુએ ગુજરાતના રાજપુત રાજાઓ સામ-સામે આવ્યા અને પછી ખુંખાર લડાઇ જામી, એક બાજુ સોમનાથ મંદિરને તોડનારા, તેનો નાશ કરનારા તો બીજી બાજુ તેની રક્ષાખાતર ખપીજનારા, તેને બચાવનારા, તલવારોની જીકાજીક બોલાવાલાગી, ધમાસાન યુદ્ધ થયું, અલ્લાહદીન ખીલજીના સૈનિકો અલ્લાહો-અકબર કહી આક્રમણ કરતા હતા, તો બીજી બાજુ હર હર મહાદેવના નારા સાથે રજપુતો પણ મરણીયા બન્યા હતા. આ યુધ્ધમાં ઘણા રાજપુતો હોમાઇ ગયા, એટલે કે વીરગતિનો પ્રાપ્ત થયા. સોમનાથ મંદિરનો ધ્વંસ કરીને અલ્લાહદીન ખીલજી પાછો જતો રહયો. આ લડાઇમાં કરણસિંહજી પણ વીરગતિને વરી ગયો. આ બાજુ હડામંડામાં કરણસિંહજીની રાણી દેવમતીને જાણ થઇ કે કરણસિંહજી સોરઠી, સોમનાથની રક્ષા કરતા-કરતા શહીદ થયા છે, તેથી તેમણે મનમાં નકકી કર્યું હવે પતિના મસ્તક સાથે સતી થઇ ને અગ્નિ પ્રવેશ કરવો,

આથી પોતાના બચેલા સૈનિકો મારફત કરણસિંહજીનું મસ્તક મંગાવવાનો હુકમ કર્યો, આમ કરણસિંહજી વિરશૂરાનું મસ્તક આવ્યા પછી તે મસ્તક સાથે સતી થવાનો નિર્ધાર પ્રજા સમક્ષ મુકયો, આ સંભાળીને તે સમયે હડામંડાની પ્રજા કહેવા લાગી કે હે રાજમાતા આપ આ સમયે ગર્ભવતી છો,આથી ગર્ભવતી નારી સતી થઇ શકે નહિ.

આથી આપ થી અત્યારે સતી થવાય નહિ અને અત્યારે હડામંડાની ગાદીનો કોઇ વારસ પણ નથી આથી તમને સતી થવાની સંમતિ કઇ રીતે આપીએ....? અને કઇ રીતે અમે તમારા અગ્નિ સંસ્કાર કરીએ...? રાણીએ કહયું કે તમારી વાત સાચી છે અને સમજવા જેવી પણ છે પરંતુ તેનો સંપુર્ણ સ્વીકાર કરવા જેવો નથી કારણ કે પતિ પાછળ સતી થવું તે એક ક્ષત્રિયાણીનો ધર્મ છે અને બીજી વાત કે ગાદી ના વારસદાર નો જ તમારો આગ્રહ હોય તો હું હડામંડાની પ્રજાને વંશ વારસ આપતી જઇશ પરંતુ સતી થવાના મારા નિર્ણય માંથી હું ચલાયમાન થઇ શકીશ નહી. આમ કહી માથાના વાળ છુટ્ટા મુકયા, લલાટે સિંદુરની આડ કરી, લાલ ચુંદડી ઓઢી અને પછી વાજતે ગાજતે, જય જય કાર પોકારતા સૌ સ્મશાને પહોંચ્યા, રાણી દેવમતીબા , જયાં સ્મશાનમાં ચિતા ગોઠવેલી હતી તેની ઉપર બેસી ગયા અને તેને હડામંડાની પ્રજા ચારે બાજુએ થી તેને ઘેરી વળી, એ પછી દેવમતીબાએ પોતાની કેડમાંથી કટાર કાઢીને પોતાનું પેટ વાઢી ચીરીને એક પુત્ર બાળક ને જન્મ આપ્યો અને પ્રજાને આપતા કહયું કે ‘‘આ બાળકનું નામ સાંગોજી ધરાવજો અને પેટવાઢીને તેને જન્મ આપ્યો હોવાથી તેનાથી જે વંશ થશે તેને વાઢેર વંશના નામથી ઓળખજો.’’ પ્રજાને સતી હોવાનું પારખું મળ્યું એટલે તેમણે બીજો પુત્ર મસાણની ભૂમિ માંથી પોતાના સતીત્વની એંધાણી, તેના સતીત્વ પણાની ખાતરી માટે આપ્યો અને સતી માતાએ વાત કરીને તેનું નામ મુસોજી પાડયું અને તેના વંશજો મસાણી તરીકે ઓળખાશે અને ત્યાર પછી લોકોના જય જયકારના નાદ સાથે દેવમતીબા સતી થયા અને પંચ મહાભૂતમાં ભળી ગયા અને ત્યાં હડામંડાની પ્રજાએ સતી માતાની દેરી બનાવી, મસાણી મુસાજીએ નડિયાદમાં ગામ ધણી મસાણી દરબાર તરીકે રાજય શાસન જમાવ્યું અને વાઢેર તરીકે ઓળખાતા સાંગાજીએ હડામંડાની હળવદમાં ગાદીની સ્થાપના કરી, સોમનાથ મહાદેવ મંદિરનો ધ્વંસ થયા પછી ત્યાં ફરીથી તેનું નવ નિર્માણ થયું અને ભવ્ય મંદિર બનાવ્યું અને વળી પછી વાયકા સાંભળીને અલ્લાહદીન ખીલજીએ સોમનાથનો નાશ કરવા બમણા વેગથી લશ્કર લઇને આવી ચઢયો. આ વખતે ગુજરાતના રાજપુત રાજા ઓ ભગવાન સોમનાથની રક્ષાકાજે સાબદા થયા, આ સમયે ધમાસાન યુદ્ધ થયું, જેમા હળવદમાં વાઢેર વંશી રાજા સાંગાજીએ અને અન્ય વાઢેરોએ સોમનાથની રક્ષા કાજે હળવદને પાદરેજ શહીદી વહોરી લીધી હતી અને બાકીના સોમનાથના રક્ષણાર્થે જઇ પહોંચ્યા હતા, તેમાં વિર સાંગાજીએ દેશપ્રેમ માટે, ધર્મ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરી નાખ્યા. તેમની ખાંભી તો પાટણના કિલ્લામાં ખોવાઇ ગઇ છે, પરંતુ તેમના રાણી પ્રેમકુંવરબા તેમની પાછળ સતી થયા, તેની ખાંભી આજે પણ પાટણના પાદરે વણ ઓળવાયેલી હાલતમાં ઊભી છે.

ધર્મને નામે સાંગાજીએ બલિદાન આપ્યા પછી બચેલા વાઢેરોએ, નાન્ધેરમાં (હાલનું નાઘેર કોડીનાર વિસ્તાર), સોમનાથ માં, પાટણની આસપાસના વિસ્તારોમાં વિસ્તરી ગયા, ગામ-પરગામ, સૌરાષ્ટ્ર,કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર અને દેશ-પરદેશ સુધી વાઢેરોનો ફેલાવો થયો. આમ આ બન્ને બાબતોનો મત એક જ થાય છે. તેમનું મૂળ જયચંદ્ર રાઠોડ થી જ શરૂ થાય છે, આથી એમ કહી જ શકાય કે વાઢેરકુળ, રાઠોડ કુળની ફૂટેલ એક પાંખ છે, કે જે ક્ષત્રિય છે...



# શ્રી વાઢેર પરિવારમાં પરિવર્તન :

વાઢેર એ ક્ષત્રિય છે અને સમય જતા તેમણે પોતાના ધર્મમાં કર્મ પ્રમાણે પરિવર્તન કર્યું હતું. તેમણે પોતાનો ધર્મ તેજ રાખ્યો હતો, પરંતુ તેમના વર્ણ અને ધર્મનું પરિવર્તન કર્યું હતું, તેની કથા નીચે મુજબ છે.

વિક્રમ સવંત ૧૧૩૨ માં વાઢેર વંશ, અસ્તિત્વમાં આવ્યો હતો, ત્યાર પછી તેઓએ ઘણા વર્ષો સુધી સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ક્ષત્રિય ધર્મનું પાલન કરતા રાજય કરેલું.સમય જતા વિક્રમ સવંત ૧૬૦૮ માં વાઢેર વંશનું પરિવર્તન થયું હોવાનું ઈતિહાસકારોનું માનવું છે.

તે સમયમાં મારવાડનું બ્રાહ્મણ કુટુંબ દ્વારકાથી યાત્રા પૂરી કરીને નીકળેલું, તેમને રસ્તામાં બાદશાહ કુતબુદીને રોકયા અને તેમની પાસે બ્રાહ્મણ કન્યાની માંગણી કરી, ત્યારે બ્રાહ્મણોએ બાદશાહ પાસે એક માસની મુદત માંગી આથી, બાદશાહે તે વાત માની લીધી અને ત્યાર પછી બ્રાહ્મણ રાજસ્થાન ગયો તે સમયે ત્યાં જયચંદ્ર રાઠોડનો વંશજ અજજસિંહજી (અજાજી) રાજય કરતો હતો. બ્રાહ્મણે તેમની મદદ માંગી. આ અજજસિંહને બે કુંવર હતા અને ત્રીજો કુંવર તેમનો ભત્રીજો હતો, આ ત્રણેય કુંવર...

**(૧) વેરાવળજી : જેમના નામ પરથી વેરાવળ બંદરનું નામ પડયું છે, તેઓ વાઢેર જાતિના મુળ પુરૂષ છે તેવું મનાય છે.**

**(૨) વજેરાજજી (વેજલજી) : તેમના વંશજ રાજપુત થયા, તેમનો ગરાસ નાન્ઘેર પંથકમાં જુનાગઢ જીલ્લામાં આવેલ છે. (હાલનું નાઘેર કોડીનાર વિસ્તાર)**

**(૩) કરણસિંહજી : જયચંદ્ર રાઠોડના ભાઈ રતનસિંહજીનો પુત્ર કે જેમનો વંશ અમદાવાદ તરફ છે.**

આ ત્રણેય ભાઈઓએ મળીને બ્રાહ્મણ કન્યાને મુસલમાન બાદશાહ પાસેથી બચાવવા માટે એક હજાર મોગલોને માર્યા, આ બાદશાહના તાબામાં ચોવીસ ગામ હતા તે લઈને કરણસિંહજીએ ત્યાં ગાદી સ્થાપી,. ત્યાર બાદ વેરાવળજી તથા વજેરાજજી સૌરાષ્ટ્ર ઓખા બરડામાં આવ્યા ત્યાં ગુરૂગઢમાં હરલ ચાવડા અને શામળિયા ભીલ સાથે લડાઈ થઈ, જેમાં અઢારસો માણસોના માથા વઢાયા, જે થકી તેઓ વાઢેરના નામથી જાણીતા થયા અને એ લડાઈ થઈ, અને એ લાઈડમાં લોહીની નદીઓ વહી હતી એવું કહેવાય છે કે તેમાં પાંચ કિલોનો પથ્થર તણાયો હતો અને ત્યાર પછી તેમણે ગુરૂગઢ જીતીને આરંભડા તથા પોરબંદર ગાદી સ્થાપી.

ત્યાર પછી વાઢેરોને પોતાનું રાજય ટકાવી રાખવા માટે વારંવાર યુદ્ધો અને લડાઈઓ કરવી પડતી હતી. આથી ક્ષત્રિય જાતિમાં વાઢ-કાપ મને મારવું તેમજ મરવું ખુબજ વધારે હોવાથી, તેમની આ હિંસા વૃતિથી ત્રસ્ત થઈ જઈ ને તેમના વશંમાં આ કૃત્ય હવે સૌને પાપ જેવું લાગતું. તેથી વાઢેરના શાંતિપ્રિય વડીલોએ અહિંસાનો માર્ગ અપનાવ્યો અને વિક્રમ સવંત ૧૬૦૮ માં ક્ષત્રિય વર્ણમાંથી પરિવર્તિત થયા, એટલે કે ક્ષત્રિય ધર્મનો ત્યાગ કર્યો અને વૈશ્ય ધર્મ (વેપારી અને કારીગરવર્ણ) અપનાવ્યો. જેથી વાઢેર ક્ષત્રીય માંથી વાઢેર જણસારી મોચી જાતિમાં પરિવર્તિત થયા જે રીતે કલીન્ગના યુદ્ધ પછી સમ્રાટ અશોકે ક્ષત્રિય ધર્મનો ત્યાગ કરીને અહિંસા સ્વીકારી હતી, તેજ પ્રમાણે વાઢેરોએ ધર્મ-કર્મ પરિવર્તન કર્યું, આમ વાઢેરો ક્ષત્રિય માંથી વૈશ્ય વર્ણમાં આવ્યા, પરંતુ મૂળ જાતિ તો તેમની ક્ષત્રિય વાઢેર જ છે.



# શ્રી વાઢેર પરિવારની શાસ્ત્રીય ઓળખ (ગોત્ર પરિચય)

શ્રી વાઢેર કુળક્ષત્રિય છે, પછી સમય જતા તેમને સંજોગ અનુસાર ક્ષત્રિય ધર્મનો ત્યાગ કરી વૈશ્ય ધર્મ નો સ્વીકાર કર્યો, એવા આ વાઢેર કુળની શાખા, ગૌત્ર કુળદેવી, ક્ષેત્રપાલ વગેરેનું વિવરણ નીચે મુજબ છે.

**વંશ / જાતી - વાઢેર મોચી**
**કુળદેવી - પહેલા નાગણેચીમાં અને ત્યાર પછી મોમાઇ માતાજી**
**ગોત્ર - ગૌતમ ઋષિ અને અત્રીઋષિ**
**કુળ - સૂર્યવંશ**
**ક્ષેત્ર - અયોધ્યા**
**ગુરૂ - વસિષ્ઠ**
**વેદ - યજુર્વેદ**
**શાખા - મધ્યાન્દીની**
**મહાદેવ - એકલીંગજી**
**ઈષ્ટદેવ - શ્રી રામચંદ્રજી**
**ધર્મ - સનાતન, હિદું, વૈષ્ણવ, સન્યાસી**
**નદી - ગંગા, સરયુ**
**શિખા - જમણેરી**
**પક્ષીરાજ - સમડી**
**ગાય - કપિલા**
**માળા - રત્નની**
**વૃક્ષ - આંબો, અમૃતવૃક્ષ**
**પહાડ - ગંગેય પર્વત**
**દશૌંદી - ગઢવી, ચારણ**
**વાર - ગુરૂવાર**
**ક્ષેત્રપાળ - શેષનાગ**
**વચન - એક (પ્રાણ જાયે પર વચનના જાયે)**
**નૈવેદ્ય - ગળપણ (મીઠાઇ)**

ઉપર બતાવ્યા પ્રમાણે, તે વાઢેર મોચી-જણસારીની શાસ્ત્રીય ઓળખ છે કે જે હિન્દુ ધર્મના શાસ્ત્રો અને પુરાણો અનુસાર છે.

**કુળ :** પ્રથમ સૂર્યમાંથી ભગવાન રામનો કુળ રઘુકુળ થયો અને એજ કુળ માંથી પછી રાઠોડ કુળ થયો, અને એ રાઠોડ કુળ માંથી જ વાઢેર કુળ થયો અને પછી વાઢેર ક્ષત્રિય માંથી વાઢેર-જણસારી મોચી જાતી કર્મ પ્રમાણે થઇ.

**ગોત્ર :** ગૌત્રઋષિએ બની શકે છે જેની વેદની અંદર જે તે કુળના વેદમાં એમની રચના કરે શ્લોકો હોય અને એ શ્લોકો અનુસાર આપણા પુર્વજો જીવન જીવતા હોય. આમ યજુર્વેદની અંદરના શ્લોકો અત્રી ઋષિ તથા ગૌતમ ઋષિના છે, તેથી વાઢેર વંશનું ગૌત્ર ગૌત્રમ ઋષિ અને અત્રી ઋષિ છે.

**ક્ષેત્ર :** શ્રી અયોધ્યાજી, ભગવાનશ્રી રામચંદ્રજીની જન્મભૂમિ તમારા માટે ધાર્મિક ભૂમિ છે, શકય હોય તો જીવનમાં એક વખત અયોધ્યાના દર્શન કરવા અને સરયુ નદીમાં સ્નાન કરવું.

**ગુરૂ :** તમારા આદ્ય ગુરૂં વશિષ્ઠ ઋષિ છે. ગુરૂ-પૂનમ (અષાઢ સુદ પુનમ) ના દિવસે તેમનું પૂજન અને તેમના નામનું સ્મરણ પૂરી શ્રદ્ધાથી કરવું.

**કુળ-દેવતા :** ભગવાનશ્રી રામચંદ્રજી વાઢેર કુળના કુળદેવતા ગણાય છે.

**ગૌ માતા-કપિલા :** વાઢેર કુળની ગૌમાતા કપિલા ગણાય છે, શ્રાવણ વદ ચોથના દિવસે તેમનું પૂજન કરવું અને તેના નામનું સ્મરણ કરવું અને ગાયને ચારો આપવો વાઢેર વંશની જે ગૌ માતા કપિલા ગાય છે તે ગાય ગોલોકમાં વસે છે.

# ગો લોક તથા ગાય વિશેની માહિતી

ગાય અમૃતની નાભી છે, રૂદ્રોની માતા છે, વસુઓની દીકરી છે, દેવોના પૂજનમાં દહી, દુધ,ઘી વગેરે જે વપરાય છે તે ગાયના જ હોય છે, તે આદિત્યોની બહેન છે, અને વિશ્વની માતા છે, ગાયની પીઠ માં ભગવાન બ્રહ્માજી તેમના ગળામાં ભગવાન વિષ્ણુ, મુખમાં ભગવાનરૂદ્ર, તેમના બંને પડખામાં સમસ્ત દેવગણ, નેત્રોમાં સૂર્ય અનેચંદ્ર , રોમ-કૂપ માં ઋષિઓ અને મુનીગણ, તેમના મૂત્ર માં ગંગા, યમુના, ગોદાવરી, કૃષ્ણ, કાવેરી, વગેરે નદીઓનો વાસ છે આમ ગાયએ ત્યાગની મુર્તી છે.

આ ગૌ માતા કપિલા, જયાં વસે છે તે ગૌ લોક સર્વ લોકની ઉપર છે, પ્રલય કાળ દરમિયાન તે હયાત રહે છે, ત્રણ કરોડ યોજન લાંબો અને તેટલો જ પહોળો છે, તે મંડલાકાર છે, પ્રલયકાળે તેમાં ફકત પરમાત્માની જયોતી રહે છે, આ પ્રલય કાળ દરમિયાન માત્ર એક જ જયોતિ હોય છે અને આ એક જયોતમાં સમસ્ત ગૌલોક સમાય જાય છે. આ ગૌ લોક ઇશ્વરની જેમ નિત્ય છે, તેજ સ્વરૂપ છે, આ લોક આદિ, વ્યાધી, ઉપાધી, જરા, મૃત્યુ, અને શોક, વિનાનો રહે છે. એન સદા મંદિરોથી શુ શોભીત રહે છે, પ્રલય કાળે કેવલ તે કૃષ્ણ યુકત અને સૃષ્ટિકાળે તે ગાય અને ગોપીઓથી ભરપુર રહે છે અહી સર્વ લોકોમાં શ્રેષ્ઠ એવિ વિરાજ નદી છે, અને શત-શૃંગપર્વત તેના શિખર પર આવેલ છે. જે સદા રામ અને કૃષ્ણ મય રહે છે.

**વૃક્ષ :** આંબાના વૃક્ષના વાઢેર કુળ માટે પવિત્ર ગણાય છે, તેમનું જતન અને પૂજન કરવું.

**વાર :** સાત વાર માં ગુરૂવાર વાઢેર કુળ માટે શ્રેષ્ઠ વાર છે.

**નૈવેદ્ય :** વાઢેર કુળના નૈવેદ્ય મિષ્ટાન છે તેથી દેવી-દેવતાઓને નૈવેદ્યમાં મિષ્ટાન આપવું.

**વચન :** વાઢેર કુળને રઘુકુળની જેમ જ એક વચન રાખવું.

‘‘ રઘુકુલ રીતી સદાય ચલી આઇ, પ્રાણ જાયે પર વચન ના જાયે’’

**ક્ષેત્રપાળ :** શેષનાગ વાઢેર કુળના ક્ષેત્ર પાલ છે, તેમનું પૂંજન કરવું.

**દશોંદી :** ચારણ અને ગઢવી વાઢેરોના દશોંહી ગણાય છે તેમને દાન આપવું.

ઉપર દર્શાવ્યા મુજબ તે વાઢેર કુળની શાસ્ત્રીય ઓળખ છે, જે શાસ્ત્રો મુજબની છે, હવે રાઠોડ કુળ કે જે માંથી વાઢેર કુળની ઉત્પતિ થઇ છે તેના વિશેની કુળ-કવિતા નીચે મુજબ છે.

**‘‘ પ્રથમ જાત ક્રમ-ધ્વજ દેશક નવ જ સુહાય, શાખા તેર સરે, કુલ : રાઠોડ કહેવાય,**
**ગૌતમ ગુરૂવદે અશ્ચ વરણતાનું પ્રવર, નાગણેચી કુળરાય વહીવટી ગુરૂખરતર,**
**પ્રોહ તસીવડ બાસ રોહડ ભાટ ચંદે લડુમ દેવડા, રાઠોડ પહેડેચે તલા હરાયગ્ચલો પીક્વડા,**
**વાઢેરની તેર ગૌત્ર ભાઇ શાખનું વર્ણન, ભૈરવ સાઢીનો મેઢીયા, સુરસુરમાં અત લીકબળ,**
**ખલેલ નર રાઠોડ, ધુમેલીયા વાઢેર વલ, વલયા વલઘઢીયા વાઘે લવલવા વસવલરાણવલ,**
**કવિ ચંદ કહેસુનો ઠઠરો તેર શાખ રાઠોડ જલ, કુળ દેવી સત્યયુગમાં ચકેશ્વરી, ત્રેતાયુગમાં રાઢેશ્વારી**
**દ્વાપરમાં પંખોણી તથા કળીયુગમાં નાગણેચી.’’**

ઉપર જણાવ્યા પ્રમાણે વાઢેર પરિવારની તેર શાખા છે, અને તેમના કુળદેવી નાગણેચી માતાજી હતા, પરંતુ સમય જતા માં મોમાઇ તેમના કુળદેવી થયા.

# શ્રી મોમાઇ માતાજીનો મહિમા

**માતાજીની ઉત્પતિ**

**વાઢેર પરિવારમાં આગમન**

**માતાજીના સ્થાનક અને તેનું મહત્વ**

માં મોમાઇ-આદ્યશકિતનું જે દશમું રૂપ ગણાય છે, તેમાં મોમાઇ કે જેનું વર્ણન શકય નથી, જેમાં સમસ્ત બ્રહ્માંડ વિલીન થાય અને પોતે સમસ્ત સંસારમાં વિલીન હોય છે. એવી માં આદ્યશકિત માં મોમાઇનો મહિમા અપરંપાર છે. તેના વર્ણન, તેનો મહિમા, તેના પરચાના જો ઈતિહાસ લખવા બેસીએ તો તે શકય નથી, કારણ કે કયાંથી લખવાની શરૂઆત કરવી અને કયાં તેનો પુર્ણવિરામ કરવો તેજ સંભવ નથી..., માટેજ માં ને તો બે હાથ જોડી અને ત્રીજા મસ્તક વડે વંદન કરીને તેની પૂજા કરાય, તેના વંદન કરાય, અને માના આર્શીવાદ મંગાય, બાકી માતાજીના વખાણ ના કરાય ?

આર્યવર્ત ભારતમાં આદિકાળથી શકિતની, દેવીઓની, પૂજાનો અને ભકિતોનો મહિમા ખૂબજ પ્રચલિત છે, સતયુગના સમયથી નિષેધ રાજયના રાજા નળ અને તેમની રાણી દમયંતી, ચંદ્રાવતી નગરીના રાજા ચંદ્રસેન અને તેમની રાણી સુકિર્તી તેમજ મધ્ય-યુગના ગુજરાતના રાજા કર્ણદેવ અને તેમની રાણી કમલાવતીના સમયથી સિદ્ધિદાયક મહાશકિતમાં મોમાઇ માતાજીના મહિમા અને ચમત્કારોનું હિન્દુ-ધર્મના ગ્રંથોમાં સમર્થન છે.

સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં પ્રાચીન કાળથી કલ્યાણકારી દેવીઓની પૂજા અને ભકિતની પરંપરા આજ પર્યંત અતૂટ રહી છે, આ દેવીઓના ચમત્કારોના પ્રસંગોના વાંચનથી શ્રદ્ધાળુઓ અને ભકતોની ધાર્મિક ભાવનાને વેગ પ્રાપ્ત થયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોમાં , હાલાર જામનગર માં વરૂડી માતા, કચ્છમાં મોમાઇ માતા, પોરબંદર, બીલેશ્વરના મેલડી માતા, રાણાકંડોરણા ના સીકોતેર માતા, સુરેન્દ્રનગરના ચોટીલામા ચામુંડા માતા અને અરણેજ ના બુટ માતાજી માં પરમ શ્રદ્ધા રહેલી છે, રાપર, કચ્છ, પોરબંદર, ઘેડ માધવપુર, વાગડ, ટંકારા, ગોહિલવાડ, ઝાલાવાડ તથા બરડા પંથકના લોકોમાં માં મોમાઇ માતાજીની ભકિત અને પૂજામાં અતૂટ શ્રદ્ધા રહેલી છે.

# માં મોમાઇ માતાજીની ઉત્પતિ :

માં ભગવતી શ્રી મોમાઇ માતાજીના અવતરણ અને તેની ઉત્પતિ વિષે ઈતિહાસકારો અને વિદ્વાનો વચ્ચે ઘણા મત મંતાતરો છે. તેનું પણ એક કારણ છે કે આગળ કહયું તેમ માં ભગવતીના મહિમાનો તાગ મેળવવો સંભવ નથી માટે તેની ઉત્પતિ કયાંથી થઇ તે સ્પષ્ટ કહેવું તે કોઇ સામાન્ય માનવના હાથની વાત નથી માટે, ધર્મ ગ્રંથો અને પુરાણોનો આધાર રાખીને તેમનું વર્ણન કરાય છે. એવું કહેવાય છે કે આદિનારાયણ ભગવાનશ્રી વિષ્ણુએ આ સંસારમાં પોતાની માયાનો પ્રભાવ પ્રગટ કરવા માટે પોતાના મુખ કમળ માંથી વરાળ પ્રગટ કરી અને એ વરાળ માંથી મોમાઇ પ્રગટ થયા, આમ તે વરાળ માંથી અને ભગવાનના મુખ માંથી પ્રગટ થયા હોવાથી તે મમોહ-માયા-માતા કહેવાતા અને આગળ સમય જતા તેના નામમાં અપભ્રંશ થઇ ને મમોહ માયા માતા માંથી માં મોમાઇ માતા થયું.

એક બીજી પણ લોક-કથા છે કે યુગો પહેલા એટલે કે ત્રેતાયુગમાં પુલસ્ત્ય ઋષિનાં વંશજ એવા રાક્ષસ રાજ રાવણના મામા મારીચી ભગવાન રામ ના કણાવગરના બાણથી (તીરથી) પંચવટી પાસે પડયો હતો. આથી તે ત્યાજ સ્થાયી થયો હતો અને ત્યાં તેમને પોતાની શકિતમાં એક દેવીની મૂર્તિ બનાવી અને તેની પૂજા કરવા લાગ્યો આમ તે રાવણના મામા હતા અને મામા, માતાજીની પૂજા-અર્ચના કરતા હતા, અને તે પંચવટીમાં સમય જતા ભગવાન શ્રી રામના હાથે તેમનું મૃત્યુ થયું, આમ ત્યાર પછી કળીયુગમાં હાલનું મહારાષ્ટ્રનું મહાબંદર મુંબઇ ત્યારનું પંચવટી હોવાનું હિન્દુ ધર્મના ગ્રંથોમાં સમર્થન જોવા મળે છે. ત્યાં સૌરાષ્ટ્રના એક વણિકને એ વર્ષો પહેલાએ મામાની સ્થાપિત માતાજીની મૂર્તિ મળી હોવાનું મનાય છે, અને તે મુર્તિની પુજા રાવણના મામા કરતા હોવાથી તેને સહુલોકો મામા આઇ કહેતા, અને સમય જતા તે મામા આઇ માંથી મમ્માદેવી થઇ ગયા, આ મમ્મા દેવીનું હાલમાં પણ મહારાષ્ટ્રના મહાનગર મુંબઇના હાર્દ સમા કોટન એકસચેંજ ભુલેશ્વરના કેન્દ્રમાં મોટું મંદિર આવેલું છે. અને આ મમ્માદેવી જ મોમાઇ માતાજી છે, તેવું સહુ ભાવિક ભકતોમાને છે.

એક બીજી લોક વાયકા મુજબ ૧૨ મી-૧૩ મી સદીમાં મુબારક શાહના નામનો મુસ્લિમ શાશક હતો તે મહારાષ્ટ્ર વિસ્તારનો મુસ્લિમસુબો હતો તે ખુબ ક્રૂર અને અત્યાચારી હતો, તેનો તેના તાબા હેઠળના વિસ્તારમાં ભારે રંજાડ હતો, અને મુંબઇ ના સાતે ટાપુઓના માછીમાર અને કોળીઓને એ સંતાપ તો આથી આ લોકોએ માં જગદંબા-આદ્યશકિતને પ્રાર્થના કરી, આજીજી કરી અને ભકતોની પ્રાર્થના સાંભળીને માં મુમ્માં દેવીના રૂપે પ્રગટ થયા અને એ સુબાનો વધ કર્યો હોવાનું મનાય છે. ત્યાર પછી એ મુમ્માં દેવીની ત્યાં સ્થાપના થઇ અને તેનું મંદિર બંધાણું, અને તે શહેર ને તેના નામ ઉપર થી મુંબઇ શહેર નામ આપવામાં આવ્યું છે, એવું માનવામાં આવે છે, અને આ મુમ્માં દેવી એ જ માં મોમાઇ છે એવી માન્યતા છે.

## વાઢેર પરિવાર માં આગમન :

કચ્છના રાપર તાલુકામાં મોમાઇ મોરાગઢમાં મહાશકિત મોમાઇ માતાજીનું મંદિર આવેલું છે. મોમાઇ માતાજીની પહેલી સ્થાપના આ સ્થળે થઇ હોવાનું મનાય છે. તે કારડીયા રાજપુતના કુળદેવી છે, અને વાઢેર, જાડેજા, રજપુતો, ભરવાડ, રબારી, પટેલ વગેરે માં એ પૂજાય છે, આ દિવ્યશકિતના ભકતો સૌરાષ્ટ્ર-કચ્છ, ઉપરાંત ગુજરાતના અન્ય ભાગો અને મહારાષ્ટ્ર તેમજ દેશ-વિદેશમાં પણ છે. અને ભાવિકો તેમની ભકિતપૂર્વક વંદના કરે છે.

**‘‘જો ને એ દેવીદિન-દયાળી, તુમ સદા કરો જગ સહાય,**
**તીન લોક નિરંતર તને નમે, મનસાવ મોમાઇ,**
**બ્રહ્મા, વિષ્ણું, મહેશ તને નમે માં મોમાઇ,**
**અને પારણેચા હુતો હી, ગતમાં તુહી જાને,**
**આ તે મહાશકિત માં મોમાઇ ’’**

મોમાઇ માતાજીનું વાહન ઊંટડી-સાંઢડી છે, આ સાંઢડી ઉપર માતા મોમાઇ સવારી કરી જગત આખાના દુખ-દર્દો મટાડી સુખોની ભરમાળ વરસાવે છે, સુખ, શાંતિ, સંપતિ રિદ્ધિ-સિદ્ધિ ના દાતા માતા મોમાઇ દેવી,એવા મોમાઇ માતાજીની વાત એમ છે કે ગ્રંથોના સમર્થન અનુસાર માતાજી મોમાઇ દેવી ભગવાન શ્રી વિષ્ણુના મુખ કમળ માની વરાળ માંથી પ્રગટ થયા હતા, તેથી તેનું નામ મોહમાયા માતા-મોમાઇ હતું વર્ષો જતા આ નામ માં અપભ્રંશ થયો અને મોમાઇ માતા કહેવાયા.

એટલે જ તો માં મોમાઇ-આદ્યાશકિતનો મહિમા ગાતા કવિઓ કહે છે કે....

**‘‘માત તુહી મહા માય, તુહી શકિત સબ ઘાટ,**
**સ્વચી તુહી આશાપુરા આઇ, બીસ અહી બહુનામી,**
**તુહી કોહલાકાય, તુહી હિંગળાજ આઇ, સૌ કોઇ તુહી બહુચર બાન જ હોઇ,**
**કહી ઈશ્વરીય સબકોહી કમખીયા, સૌદેવી કિલતારીની જાણ અંબિકા દેવી,**
**જગત મા કર જોડ રૂપ દેશળ, હર કોઇ બોલે જાય મહામાય મોમાઇ’’**



# માં મોમાઈ મોરાગઢ ઉપર કઈ રીતે બીરાજયા, અને વાઢેર વંશમાં કેવી રીતે આવ્યા તેની કથા

ચંદ્રવંશના જાડેજા રાજપુતો ઘણા વર્ષો પહેલા સૌરાષ્ટ્રમાં રાજય કરતા હતા, આ જાડેજા કુટુંબોને અંદરો-અંદર મત-ભેદ થયો એટલે તે આ કૌટુંમ્બીક શાંતિ માટે કેટલાક ચંદ્રવંશી જાડેજા, કુટુંબ માંથી છુટ્ટા પડીને ત્યાંથી એટલે કે સૌરાષ્ટ્ર માંથી ચાલી નીકળ્યા, અને આ સમયે તેમની સાથે વાઢેર કુટુંબો પણ હતા. તેઓ સૌરાષ્ટ્ર માંથી ચાલતા-ચાલતા કચ્છ ધરાના નારાયણ સરોવર થઇને તેની આગળ નીકળી ગયા ત્યારે ચાલતા ચાલતા તેમને રસ્તામાં પાણી ની ખુબજ તરસ લાગી આ બધા કુટુંબો પાણી ની તરસ થી પીડાવા લાગ્યા, અને એક જગ્યાએથી બીજી જગ્યાએ પાણી ની શોધમાં ભટવા લાગ્યા આ સમયે વાઢેર કુટુંબો પણ તેમની સાથે પાણીની તરસથી પીડાતા હતા, ત્યારે તેમને પોતાના ઈષ્ટદેવી -કુળદેવી માં મોમાઇ યાદ આવ્યા.

આમ કૌટુંમ્બીક મતભેદ ને કારણે અશાંત દુઃખી કુટુંબોએ ઘર અને કુટુંબો છોડતી વખતે પોતાના કુળદેવીની નિશાની લીધી ના હોવાથી અને ત્યારે કુળદેવીની મનોમન સ્મરણ પણ ના કર્યું હતું તેથી આવી દશા થઇ હશે, એવું તે માનવા લાગ્યા, પછી તેઓ મનોમન પુરી શ્રદ્ધાથી પોતાની કુળદેવી માં મોમાઇ ને તેઓ યાદ કરવા લાગ્યા કે....'' હે ! માં તું જાડેજા અને વાઢેર કુળની કુળદેવી માં મોમાઇ માત કોઇ મારગ બતાવ '' આમ, પોતાના ભાવિક ભકતોની પ્રાર્થના સાંભળી, તેનો કરૂણા ભર્યો, આંતનાદ સાંભળીને મોમાઇ તરસથી પીડાતા જાડેજા અને વાઢેર કુટુંબને મારગ બતાવવા પધાર્યા, આમ શાસ્ત્રો અનુસાર કહીએ તો, '' છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર કદી ના થાય'' તે કથન ને સત્ય સાબિત કરી આપવા માં મોમાઇ સર્વ ભાવિક ભકતો ની વ્હારે આવ્યા.

માં મોમાઇએ આ કુટુંબોને રણમાં સાંઢડી ઉપર બીરાજીને દર્શન દીધા, અને એ દુઃખી અને પાણીની તરસથી પીડાતા કુટુંબોએ સાંઢડી ઉપર અસવાર દેવીને પોતાની વિતક કથા સંભળાવીને કહે માં અમે ઘણા સમયથી ભૂખ્યા અને તરસ્યા છીએ, કૃપા કરી અમારી આ તૃષાને સંતોષો અને તેને શાંત કરવાનો કોઇ માર્ગ બતાવો, અને તેઓએ કહયું કે અમે મારા કુળદેવીના જવારા અને ભસ્મ સાથે લાવતા ભુલી ગયા છીએ, એટલે જ અમારી આ દશા થઇ હશે, ત્યારે સાંઢડી ઉપર અસવાર દેવીએ કહયું કે તમે લોકો મારી પાછળ-પાછળ આવજો અને આ મારી સાંઢડી પગલાના નિશાને ચાલજો, તો આગળ જતા રસ્તામાં એક સરોવર આવશે અને તેની આગળ જતા એક ટીંબો એટલે કે નાનું ગામડું આવશે ત્યાં માતાજી તમને ચમત્કાર બતાવશે, અને જયાં આ સાંઢડીના પગલા ના નિશાન પૂરા થાય ત્યાં તમે વસવાટ કરજો અને ત્યાં તે જગ્યાએ માતાજીની સ્થાપના કરજો તેમ કરવાથી તમારો ભાગ્યોદય થશે અને તમારો વંશ, વારસો સમૃધ્ધિવાન થશે તેમ કહીને સાંઢડી ઉપર અસવાર થયેલા દેવી ચાલતા થયા અને તેમની પાછળ આ વાઢેર અને જાડેજા કુટુંબો ચાલવા લાગ્યાં, આમ સાંઢડીના પગલાની નિશાનીએ ચાલતા- ચાલતા આગળ ગયા તો રસ્તામાં એક ઝરણું આવ્યું ત્યાં પાણી ની તરસથી પીડાતા લોકોએ મીઠા મધ જેવું પાણી પીધું અને પોતાની તરસ છીપાવી અને બધાયે હાશકારો અનુભવ્યો, અને ત્યાંથી ચાલતા થયા અને બીજે દિવસે આ બન્ને કુટુંબો મોમાઇ મોરાગામમાં તેઓ પહોંચ્યા અને ત્યાં પહોચતા આ લોકોએ આગળ નજર દોડાવી તો તેમને ત્યાંથી સાંઢડીના પગલાના નિશાન આગળ જતા દેખાયા નહિ તેમણે જોયું તો ત્યાં માતાજીની મૂર્તિસ્વયંભુ પ્રકટ થયેલી હતી અને તેના નિશાન રૂપે શ્રીફળ, ચુંદડી, ત્રિશુલ અને સુગંધી (અત્તર) હતું. આ બધુ જોઇને વાઢેર અને જાડેજા કુટુંબને ખુબજ આશ્ચર્ય થયું કે રણમાં જે સાંઢડી ઉપર અસવાર થઇને મારગ બતાવવા જે દેવિ પધાર્યા હતા તે બીજું કોઇ નહી પરંતુ સ્વયંમાં ભગવતી શ્રી માં મોમાઇ હતા. પછી ત્યાં વાઢેર અને જાડેજા કુટુંબે માતાજીની દેરી બાંધી અને ભકિતભાવથી માતાજીને પુંજવા લાગ્યા, આ દેરી જે ગામમાં બાંધી હતી તે ગામનું નામ મહામાયાપુર હતું અને ત્યાર પછી સમય જતા તેના નામનો અપભ્રંશ થઇને મહામાયાપુર માંથી મોમાઇ મોરા થઇ ગયું અને ત્યારે કચ્છ ના મહારાજા શ્રી પહેલા ખેંગારજીએ ત્યાં મોમાઇ માની મોટી દેરી બંધાવી. પછી તો તેમની એક માનતા સફળ થઇ એટલે મહારાજાશ્રી પહેલા ખેંગારજીએ ત્યાં દેરીની જગ્યાએ વિશાળ મંદિર બંધાવી આપ્યું અને માં મોમાઇની કિર્તી દશેય દિશામાં ફેલાઇ ગઇ. ખોટ ન હોય આર્તનાદ કહયું માર્ગ ભૂલી પૂરા, નજર ક છોરું પૂજવા.

આધ્યશકિત મહામાયા મોમાઇ જેના કુળમાં શ્રદ્ધા, સમર્પણ, અને સેવાના ભાવથી પૂજાતી હોય તેના કુળમાં કોઇ દિવસ ખોટ ના હોય અને તેમનો વંશ વારસો સદાને માટે સુખ-સમૃદ્ધિથી છલકાતો રહે છે.

આમ માં મોમાઇનું વાઢેર કુળમાં આગમન કચ્છ ધરાના મોરાગઢ થકી થયું હોવાનું મનાય છે.

# માં મોમાઈ માતાજીના સ્થાનક અને તેનું મહત્વ :

માં મોમાઇના અનેક સ્થાનકો છે, જયાં-જયાં તેની સ્થાપના થઇ, ત્યાં-ત્યાં તેના ભાવિક ભકતો વસવાટ કરતા થયા અને ત્યાં -ત્યાં તેનું સ્થાનક બનતું, આમ મોમાઇ માતાજીની સૌ પ્રથમ સ્થાપના કચ્છ ના રાપર તાલુકાના મોમાઇ - મોરાગઢ સ્થાનક માં થઇ હોવાનું મનાય છે, ત્યાર પછી તેમના ગોઠીઓ (શ્રદ્ધાળુઓ) જેમ જેમ ફેલાતા ગયા ત્યાં-ત્યાં સ્થાપના કરતા ગયા, આમ તે મુજબ ગુજરાતમાં મોમાઇના મુખ્ય બે સ્થાન છે.

**(૧) મોમાઇ મોરાગઢ અને (૨) ટુકડા મિયાણી**

## મોમાઈ મોરાગઢ :

ગુજરાત રાજયના કચ્છ જીલ્લામાં આવેલુ મોમાઇ મોરાગઢ આજે માં મોમાઇ ના ભાવિક ભકતો માટે એક યાત્રાનું મુખ્યધામ બનેલું છે, આજનું આ મોરાગઢ પ્રાચીન સમયમાં મહામાયાપુર તરીકે ઓળખાતું હતું, ત્યાં માં મોમાઇએ જાડેજા કુટુંબો અને વાઢેર કુટુંબોને માર્ગ બતાવીને તેની વહારે ચઢયા હતા અને ત્યાં જ માં મોમાઇની સૌ પ્રથમ સ્થાપના થઇ હતી, અને તેની દેરી બંધાણી હતી, ત્યારબાદ ત્યાના રાજા, કચ્છના મહારાજા શ્રી પહેલા ખેંગારજીની માનતા ફળી હતી આથી તેમને તે જગ્યાએ મોટું મંદિર બંધાવ્યું હતું, આજે પણ ત્યાં વિશાળ મંદિરના સ્વરૂપે ત્યાં માતાજી બિરાજે છે. તે મંદિરની ઉપર એક વડલો અને આ વડલાના છાયા નીચે માં મોમાઇ અને નખવાણા માતાજીનું મંદિર છે.

સહુ ભાવિકોએ મોમાઇ માતાજીના મંદિરે જઇ દર્શન અવશ્ય કરવા જોઇએ, ત્યાં મંદિરે એટલે કે મોરાગઢ જવા માટે ભુજથી મોમાઇ મોરાગઢ જવાય છે, ગુજરાત રાજયની એસ.ટી. બસ દ્વારા પણ ત્યાં જવાય છે, ભુજ થી એક કલાકનો રસ્તો છે, નખત્રાણા બસ-સ્ટેશનથી ગઢશીશા અને ગઢશીશાથી દસબડી ગામ, આ દસબડી ગામથી માત્ર પાંચ મીનીટનો રસ્તો માતાજીના મંદિર મોમાઇ મોરાગઢનો છે. અહી મંદિરે સવાર-સાંજ એકથી બે કલાક સુધી માતાજીની આરતી થાય છે, અને સર્વ માતાજીના ભાવિભકતો તેમાં પૂરી શ્રદ્ધા અને ભકિતભાવથી જોડાય છે, અને મનની શાંતિનો અનુભવ કરે છે. ત્યાં માનતાઓ પૂરી કરવા માટે સમગ્ર ભારત ભરમાંથી અનેક શ્રદ્ધાળુઓ આવે છે, અને પૂરી શ્રધ્ધાથી પોતાનું મસ્તક માં ના ચરણોમાં નમાવે છે, માત્ર ભારત માંથી જ ત્યાં લોકો દર્શને આવે છે તેવું નથી પરંતુ દેશ, વિદેશ માંથી પણ અનેક શ્રદ્ધાળુ આવે છે અને માતાજી ના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

## ટુકડા મીયાણી :

મોમાઇ મોરાગઢ પછી માં મોમાઇનું બીજુ કોઇ મોટું સ્થાનક હોય તો તે છે ટુકડા મીયાણી, કે જે ગુજરાત રાજયના પોરબંદર જીલ્લા માં ,પોરબંદરથી ઓગણત્રીસ કીલો મીટર હર્ષદના રસ્તે આવેલું છે, ત્યાં દર્શનાર્થે જવા માટે ખૂબજ સારી સગવડો છે, ટુકડા મીયાણી આજે સમસ્ત વાઢેર પરિવાર માટે એક યાત્રાનું મોટું ધામ બની ગયું છે, હાલમાં ટુકડા મીયાણી માં તો મોમાઇ નું શીખર બંધ, ખૂબ જ વિશાળ મંદિર છે, અને ત્યાં બધી જ સગવડ પ્રાપ્ત છે, આ મંદિરમાં મોમાઇ માતાજી માં ગાત્રાળ માતાજી, અને વાકીદાસ દાદા તથા નાગબાઇ માં બિરાજમાન છે. આ વિશાળ મંદિર બે મકાનો ની જગ્યામાં બનાવવામાં આવ્યું હતું અને આ મંદિરના પાટોત્સવ નિમિતે ત્રણ દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સમસ્ત વાઢેર પરિવાર સામેલ હતો, અને લગભગ ૫૦૦૦ (પાંચ હજાર) જ્ઞાતિજનો અને ગામના સભ્યોએ પૂર્ણ શ્રદ્ધા અને ભકિતભાવપૂર્વક તેમાં ભાગ લીધો હતો, આ કાર્યક્રમમાં વિદેશમાં વસતા વાઢેર ભાઇઓ પણ સામેલ થયા હતા અને હોશભેર અને આનંદથી, ઉત્સાહ ભેર તેમાં જોડાયા હતા, આ પાટોત્સવ અને મંદિર નિર્માણનો મુખ્ય એક જ આશય હતો કે સમસ્ત વાઢેર પરિવારજનો શ્રી મોમાઇ માતાજી, શ્રી ગાત્રાળ માતાજી,અને શ્રી વાકીદાદા ના સાનિધ્યમાં તેના આર્શીવાદના માધ્યમથી એકત્ર થઇને ટુકડા મીયાણી માં બંધાયેલા મંદિરમાં ફરીથી એકત્ર થઇ જઇ, ફરી થી એટલા માટે કે એકજ પરિવાર માંથી છુટા પડેલા ભાઇઓએ સ્થળાંતર કરીને તે સમયે પુરતા સાધનો ના અભાવે તેઓ ની અનુકુળતાએ પોત પોતાની નજીકમાં માતાજીના મઢ બનાવી લીધા હતા, પરંતુ અત્યારે બધી જ જાતની સુવિધાવાળુ મંદિર બની ગયું છે, તો બધા જ ભાઇઓ નવી જગ્યાએ ભેગા થઇ ને માતાજીના કાર્યમાં સહભાગી થાય એવા આશયથી આ ટુકડા મીયાણીમાં મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મંદિર ની જગ્યા ઘણીજ મોટી છે તેમાં હોલ, જળસેવ-પરબ, લોબી અને ઓરડાઓ છે, આજ થી આઠ વર્ષ પહેલા એટલે ઇ.સ. ૨૦૦૫ માં આ મંદિરના પ્રાગણમાં પાટોત્સવ, અને ભજન-કિર્તન, સંતવાણી અને ભોજન સમારંભનો ત્રણ દિવસનો ઉત્સવ થયો હતો, જેમાં દેશ-વિદેશથી આમંત્રિતા મહેમાનો, વાઢેર બંધુઓએ હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો અને તેમનો સત્કાર સમારંભ યોજાયો હતો, તેમજ મંદિરના દ્વાર, હોલ, જલસેવા, અને ઓરડાઓનું ઉદ્‌ઘાટન સમારોહ પણ યોજાઓ હતો, જેમાંથી નીચે મુજબ ઉદ્‌ઘાટન થયું હતું.

**<u>મંદિરદ્વાર :</u>** શ્રી પ્રવિણભાઇ નાનજીભાઇ વાઢેર (યુ.કે.),
શ્રીમતી નયનાબેન પી. વાઢેર (યુ.કે.), વડીલ શ્રી જાદવજીભાઇ દુદાભાઇ વાઢેર (પોરબંદર)

**<u>મંદિર હોલ :</u>** શ્રી જયંતિભાઇ નાનજીભાઇ વાઢેર (યુ.કે.)
શ્રીમતિ શકુંતલાબેન જે. વાઢેર (યુ.કે.)

**<u>મંદિર જલસેવા/બોર :</u>** શ્રી મોહનભાઇ સીદીભાઇ વાઢેર (યુ.કે.)
શ્રીમતિ ચંપાબેન એમ. વાઢેર (યુ.કે.)

**<u>મંદિર લોબી :</u>** સ્વ. દિપકભાઇ લક્ષ્મણભાઇ વાઢેર... વતી
ગં. સ્વ. વનલતાબેન ડી. વાઢેર (યુ.કે.)
હસ્તે શ્રી છગનભાઇ લક્ષ્મણભાઇ વાઢેર (જામનગર)

**<u>રૂમ / ઓરડાઓ :</u>** શ્રી ગોકળભાઇ જાદવજીભાઇ વાઢેર (પોરબંદર)
શ્રીમતિ શારદાબેન જી. વાઢેર (પોરબંદર)

આમ, ટુકડામીયાણીમાં એ ત્રણ દિવસ સૌએ ખુબજ ધામ ધુમથી તે પ્રસંગને માણ્યો હતો, આજે ટુકડામીયાણી માં પુજારીજી મંદિર અને તે જગ્યાની સંભાળ, અને દેખ રેખ કરી રહયા છે, માતાજી અને દાદાની રોજ સવાર-સાંજ આરતી પુજા કરે છે, આમ ટુકડા મીયાણી એ સમસ્ત વાઢેર પરિવારનું એક યાત્રાનું સ્થળ બની ગયું છે.

આ પ્રસંગની માહિતી ટુકડામીયાણીના સરપંચ શ્રી ગીગાભાઇના નામનો ઉલ્લેખ ના થાય તો અહેવાલ અધુરો ગણાય. શ્રી ગીગાભાઇ સરપંચે આખુ ગામ સ્વચ્છ કરાવી લાલ જાજમ બીછાવી અને પુરા સાજ શણગારમાં ગામ લોકોની સાથે સેવા આપેલ. ગામના બધા ભાઇ-બહેનોએ ખુબજ હેત પ્રેમથી ભાગ લઇ ઉત્સવને અનેરો આનંદમય બનાવ્યો હતો.

# નોંધ :- ટુકણા મીયાણીના મઢના બે ફોટા મુકવા



# શ્રી વાંકીદાસ દાદાનો મહિમા

ઘણાને પોતાના શૂરાપુરા, ગૌત્ર, વંશ, શાખ, પર્વ, વેદ, ઈષ્ટદેવ, કુળદેવી, રાજયગુરૂ, રાજગોર, ભૈરવ, દર્શોદી, વગેરેની ખબર હોતી નથી.

આ સુરાપુરાએ ગામની કુટુંબની ધર્મને ધરાની રક્ષા માટે લુટારૂઓ સામે યુદ્ધ કર્યુ હતું અને તેઓ આ યુધ્ધમાં ખપીગયા હતા, અને તેમના પાળીયા ગામની ભાગોળે બનાવાય છે, અને તેમનું પૂજન થાય છે, તેઓ બીજાની પ્રેરણા મૂર્તિ બની ને રહે છે, ભલે નવી પેઢી ભલે આ પાળીયાઓને માત્ર પથ્થર માનતી હોય, પરંતુ આ લોકો એજ કુટુંબની અને આબરૂની રક્ષા કરી હતી તે આપણે કદી ભુલવુંના જોઈએ. ધર્મ ને માટે દેશને માટે ઈન્સાનીયતને નામે, બહેન-દિકરીની આબરૂ બચાવવા, ગૌધનની રક્ષા કાજે શહીદ થનારને સૂરાપુરા, સુરધાન, પુર્વજીયાત તરીકે લોકો ઓળખે છે, અને ભવિષ્યની તેમની પેઢી તેમના પાળીયાને સીંદુર ચડાવી, નિવેદ્ય ધરીને તેમનું પુજન કરે છે. તો આવાજ શ્રી વાઢેર કુળના સુરાપુરા એવા વિર વાકીદાસ દાદા, નું જીવન ચરિત્ર ખુબજ શૌર્ય, મર્યાદા, સેવા, અને સંસ્કારોથી ભરેલુ હતું.

# શ્રી વાંકીદાસ દાદાનું જીવન ચરિત્ર

જુનાગઢ જીલ્લાનું માંગરોળ બંદર ઘેડ વિસ્તાર ના લોકો અટાણા નું અને લીલુડી ધરતીથી શોભતું રળિયામણું શહેર છે, ત્યાંથી દરિયા કાંઠે પશ્ચિમમાં દ્વારકા અને દક્ષિણમાં સોમનાથ જેવા સમર્થન યાત્રા ધામો આવેલા છે.

આ શહેરમાં મોચી વાઢેર કુળના વાંકીદાસ દાદા સુરાપુરાનું સ્થાન સલાટ વાડીની નજીક વર્ષોથી પુજાતું આવ્યું છે, એ શુરવિર દાદા એ કયા પરાક્રમ થી શહીદી વહોરી તે સત્ય ઘટનાત્મક, બલીદાનની, વફાદરીની, મર્દાંગીની, ત્યાગ, સમર્પણની સનાતન સત્ય કથા નીચે મુજબ છે.

ઈતિહાસ ફંફોળતા, જુના જમાનાની વાતો ને ઢબુરીને બેઠેલા એ પાળિયા વિશે કહેવાય છે કે ....

જયારે અલ્લાહદીન ખીલજી સોમનાથને લુંટવા આવ્યો ત્યારે મંદિરને બચાવવા ઘણા બધા રાજપુતો અને વાઢેર કુટુંબો સાબદા થયા હતા, ત્યારે તે યુદ્ધમાં અલ્લાહદીન ખીલજી સોમનાથને લુંટીને ચાલ્યો ગયો અને ઘણા રાજપુતો અને વાઢેર કુટુંબોએ તેમાં શહીદી વહોરી હતી, પછી તેમાંથી બચેલા વાઢેર કટુંબો ધંધાર્થે જુદા જુદા સ્થળે વસ વાટ કરવા લાગ્યા તેમાંથી કેટલાક કુટુંબો કચ્છ ગયા, પરંતુ ત્યાં વારંવાર દુષ્કાળ અને ધરતીકંપથી ત્રસ્ત થઈને તેઓ કચ્છના માધાપર તાલુકાના વાંકીગામના વાઢેર કુટુંબો સૌરાષ્ટ્રમાં આવીને માંગરોળમાં વસવાટ કરવા લાગ્યા.

વિઠ્ઠલભાઈ વાઢેર અને જમનાબેનને ત્યાં ઘણા વર્ષો પછી એક પુત્રનો જન્મ થયો, તેનું નામ પોતાના વતનના ગામની યાદગીરી રૂપે વાંકીદાસ રાખ્યું, દંતકથા એમ પણ કહે છે કે અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના વાંકિયા ગામના વિઠ્ઠલભાઈ વાઢેર માંગરોળમાં આવ્યા બાદ તેને ત્યાં પુત્રને જન્મ થયો તેથી તેમનું નામ વાંકીદાસ રાખવામાં આવ્યું છે. કોઈ એમ પણ કહે છે કે મોસાળ વાંકાનેરમાં તેનો જન્મ થયો તેથી ત્યાની યાદી રૂપે તેનું નામ વાંકીદાસ રાખેલું એમ કહેવાય છે, તો કોઈ એમ પણ કહે છે કે જન્મથી ડાબો પગ ઘુંટી માંથી વાકો હતો તેના કારણે વાંકીદાસ નામ આપ્યું, એ વાયકાઓ જે હોય તે પણ નાનપણ થી જ શૂરવિરતા, બહાદુરી અને પરોપકારના લક્ષણો તેનામાં ભરેલા હતા, તેના એક બે પ્રસંગો આપણે જોઈએ.

એક વખત સરખે સરખા મિત્રો માંગરોળથી નજીક મેળા મહાલવા અને ત્યાં ફરવા માટે ગયા હતા, ત્યાની નદીના કુંડમાં ઘણા લોકોને સ્નાન કરતા જોઈને આ મિત્રોને પણ તેમાં ડુબાકા મારવાની અચાનક મોજ ચડી ગઈ,તેમાંથી ફુલચંદ વણીકનો પુત્ર તારાચંદ કે જે ને તરતા નહોતું આવડતું, છતાં તે પાણીમાં ખાબકયો અને પછી પાણીમાં ખાબકતા તે પાણીમાં ડુબવા લાગ્યો અને બચાવો-બચાવો ની ચીસો પાડવા લાગ્યો, તેથી આસપાસના લોકો ત્યાં એકત્ર થઈ ગયા, પરંતુ ઊંડા ધરામાં પડવાની કોઈ ની હિંમત ચાલતી ના હતી, ત્યારે પળનો પણ વિલંબ કર્યા વગર પોતાના મિત્રને ડુબતો જોઈ વાંકીદાસે પાણીમાં ધુબાકો માર્યો લોકો તેને જોતા જ રહી ગયા, ઘડી ભર તો એવુ લાગ્યુ કે બન્ને ડુબી ગયા પરંતુ વાકીદાસ જેનું નામ તેને પેલા વણિક બાળક તારાચંદને બંને હાથથી મજબુત પકડી અને બહાર કાઢી ઉંધા માથે સુવરાવી પાણી કાઢયું અને કુત્રિમ શ્વાસો શ્વાસ ચાલુ રાખ્યો, ત્યાં એકઠા થયેલા સૌને એમ હતુ કે બાળક મૃત્યુ પામ્યો છે.

પરંતુ થોડીવાર માં આંખ ખોલી અને બાળક ભાનમાં આવ્યો, સૌએ વાંકીદાસનો વાસો થાબડીને તેને શાબાશી આપી, આ બહાદુરીની વાત સાંભળીને વાંકીદાસના માં-બાપ તો ખુબજ ખુશ થયા અને તેને ગામ લોકોએ અભિનંદન આપ્યા, અને તે વણિક એટલે કે તારાચંદના પિતા ફુલચંદ વાંકીદાસને એક કપડાની જોડ અને રોકડ ઇનામ માં આપી, તો વાંકીદાસ પોતાની ફરજ સમજીને તે લેતા ના હતા, પરંતુ તેઓ ખુશીથી તેમને એ ભેટ આપતા હતા તેથી વાંકીદાસે તે લઇ લીધી અને વણિકે તેમનો ખુબ-ખુબ આભાર માન્યો, તો આવા નીડર હતા વિર વાંકીદાસ તેની બહાદુરીનો એક બીજો પ્રસંગ જાણીએ તો, માંગરોળ ગામને ગોંદરે સરખે-સરખામિત્રો આંબલી પીપળીની રમત રમતા હતા તેમાંથી એક હીરાભાઇ વાળંદ નો છોકરો પીપળના ઝાડ પરથી પડી ગયો અને તેના પગ ભાંગી ગયો, કાનો ચીસા-ચીસ કરવા લાગ્યો અને બેભાન જેવો થઇ ગયો, આ બંધુ જોઇ છોકરા બીકને કારણે નાસી ગયા, પરંતુ વાંકીદાસ તો નીડર હતા તેમણે ઘડીનો પણ વિચાર કર્યા વિના તેને ખંભેનાખી ઘરે પહોચતા કર્યો અને ત્વરિત ત્યાંથી હાડવૈદ્ય પાસે લઇ જઇ સમયસર ની સારવાર મળતા કાનો બચી ગયો, અને જીવન ભરની પગની ખોટ માંથી ઉગરી ગયો, વાંકીદાસનું આ કામ જોઇને સૌ તેની હિંમત અને બહાદુરીની પ્રશંસા કરવા લાગ્યા, વાંકીદાસ જીવ્યા ત્યાં સુધી હીરાભાઇ વાળંદ તેમને પાસેથી હઝામત ના પૈસા ના લીધા અને જીવન ભર તેમના ઉપકારક રહયા, અને સારા-માઠા પ્રસંગે, અને તેમના ઘરના કામ-કાજ માં હીરાભાઇ હાજર રહેતા.

ધીમે ધીમે વાંકીદાસ સમજૂવાન થવા લાગ્યા અને તેમના પરાક્રમ, હિંમત, બહાદુરી, અને પરોપકારથી ભરેલા જીવન કાર્યો થી તે પ્રખ્યાત થતા જતા હતા, અને તેમના માત-પિતા એ સારાકુળની કન્યા પસંદ કરીને તેની સાથે વાંકીદાસનું સગપણ કર્યું હતુ.હવે સગપણ થયાના થોડા સમય પછી તો માંગરોળ માં લગ્નની ધામ-ધુમથી તૈયારીઓ થવા લાગી અને રૂડા લગ્ન ગીતો ગવાવા લાગ્યા અને ઢોલ ઢબુકવા લાગ્યા, જાન કન્યાના માંડવે આવી ગઇ, વર-કન્યા મંડપમાં બેઠા છે, અને લગ્ન ની ઘડીએ કન્યા ચોરી વચ્ચે વાંકીદાસની સાથે ફેરા ફરવાની તૈયારી કરે છે, અને તે સાથે જ માંગરોળ માં દેકારો થયો હાકલા પડકારા થવા માંડયા, બુંગીયો ઢોલ વાગવા માંડયો, સીન્ધુડાના રાગે ધ્રીજાંગ-ધ્રીજાંગ દાંડી પડવા લાગી, કોઇ કે દોડતા-દોડતા આવી ને જાહેરાત કરી કે વાલો-ચોર માંગરોળના ધણની ગાયો વાળી ગયો, અને આ સાંભળતા જ વાંકીદાસે તેના મિત્રોને તૈયાર થઇ જવા કહયું.

**''ભૈરૂ થાઓ સાબાદ, તાણીને તલવાર, મરવું તો એક જ વાર, વીરગતિએ વાંકિયા ''**

વાંકીદાસ પોતે અસલ વાઢેર કુળનો જાયો હતો, પોતે જીવતો હોય અને કોઇ ગાયો વાળીજાય એ રાઠોડ કુળ માંથી ઉતરી આવેલા વાઢેર રાજપુત કુળના કુળદીપક થી સહન થાય નહિ, અને પોતાની પાસે રહેલી તલાવરથી પોતાની વરમાળા કાપીને તેણે મિત્રો સાથે ધીંગાણે જવા માટે લગ્નના માંડવા બહાર નીકળવા માટે પગ ઉપાડયા.

**'' રણમાં ઉઠે રાડ, હૈયું હોકારા કરે, કંપે હાડે-હાડ, ખેલ ખાંડાના ખેલવા''**

જયારે તેઓ ગાયો બચાવવા દોડયા ત્યારે વાંકીદાસ ના હૈયામાં હોંકારા થવા લાગ્યા, હાડો-હાડ થર-થર કાંપવા લાગ્યા, અને ખાંડાના ખેલ ખેલવા માટે થનગનાથ થવા લાગ્યો, જયારે તેઓ લગ્ન મંડપની બહાર પગ મૂકવા ગયા, ત્યારે તેમની પરણેતરે તેમના અંગરખાનો છેડો ઝાલ્યો, એટલે વાંકીદાસ બોલ્યા,

**'' જો હોત જાતવાન તો વાઘે વળગત નહિ, પણ આવડો હું અભાગ, કે ક્રમે કાયર મળી ''**

અર્થા, જો હું જાતવાન સાથે પરણ્યો હોત તો અત્યારે ગાયોને વહારે જતો મને અટકાવત નહિ, આ સાંભળીને ત્યારે તે કન્યા બોલી કે,..

**''ઊંચકુળના તાત મારા, મોટાકુળની મા, ફેરા ફરવા તણી, કારણ વગર કહું કેમ ના ? ''**

આ સાંભળીને વાંકિદાસે કહ્યું કે કયા કારણોસર મને રોકે છે .......?

**''માત-પિતાએ પરહરી, ધણી ધીંગાણે જાય, કુંવારા સતી કેમ થવાય, તમને પુછુ સાયબા ...?''**

હું પણ અસલ વંશની મોચી, કુળની ક્ષત્રિયાણી છું, આપ અધુરા લગ્ને જાઓ અને રણમાં ખપી જાઓ તો મારે કુંવારા સતી થવું પડે એટલે આપને અટકાવતી પરંતુ હવે તમે તમારો ધર્મ બજાવો અને મારી ચિંતા ના કરશો, યુદ્ધમાં કદાચ તમે સ્વર્ગ સિધાવો તો તમારા શબ સાથે હથેવાળો કરીને સતી થઇશ, તમેજાઓ અને અમર નામના મેળવો,

**''ગૌધન પાછુ વાળજો, ધણી ધીંગાણા માય, હોજો રક્ષા આપને, વાઢેરના મોમાઈની''**

દુશ્મનો સાથે કારમું યુદ્ધ ખેલી, ગૌ માતા ને મુકત કરાવીને સત્વરે પધારજો, રણ મોરચે વાઢેર કુળના ઇષ્ટ દેવી મોમાઇ આપની રક્ષા કરે..

**'' મારજો અગર મરજો કંથા રણ મોજાર, દીપાવજો તલવાર, કુળદેવી કેરી મોમાઈ માત...''**

હે કંથા ! રણ મેદાનમાં મારજો અથવા તો મરજો, અને માત કુળદેવી મોમાઇની તલાવર ને શાનથી શોભાવજો.

**'' રણ ચડતા સાયબા, સાથીની શી વાટ, સાથી તારા ત્રણ છે, હૈયું, કટારીને હાથ....''**

ક્ષત્રિયાણી કહે છે કે હે સાયબા રણે ચઢયા પછી સાથીદારની શું રાહ જોવાની, તમારા સાથી ત્રણ છે, હિંમત વાળું હૈયું, ગજવેલ કટારી, અને મજબુત હાથ.

**સાહેલી મેણા મારશે, આતો કાયારડી હુંનાર**

પત્નીની વીરતા ભરી વિદાય મેળવીને વાંકીદાસે પોતાનો ઘોડો મેદાનની તરફ દોડાવ્યો, સામટા દુશ્મનોની સામે, સાથીદારો સાથે તલવારોની જાકા-જીક બોલવા લાગી.

**'' દો-દો તરકસ બાંધ કે સબ કહાવત શુર, કામ પડે તબ દેખીએ કોને મુખમે નૂર''**

બે-બે તલવારો બાંધી ને લડવાથી માત્ર શૂરવીર નથી કહેવાતા, ખરી ખબરૂ તો ત્યારે પડે કે જયારે રણ મેદાનમાં કામ પડે અને ત્યાં તેના મૂછ ઉપર શૂરવીરતાનું તેજ ચમકતું હોય, એક ધૂળની ડમરી ઉડાડતા રણ મેદાનમાં આવેલા મિત્રો   અને એકલ પંડે ખાંડાના ખેલ ખેલતા વાંકીદાસે ઘણાને ઘાયલ કરી દીધા ને ઘણાને મૃત્યુના મુખમાં પહોચાડી દીધા, અને ગાયોના ધણ ને પાછાવાળે છે.

**''ઉજળા કીધા માતા-પિતાને વાંકા વાકી દાસ, ગૌ ધન વાળ્યા સામટા, વેરી માર્યા પચાસ''**

ગૌ માતાને લઇ ને આનંદથી સૌ ચાલ્યા આવે છે, એ વખતે બચેલા દુશ્મને ઓચિંતા આવીને પાછળથી તલવાર વધે ઘાયલ થયેલા વાંકીદાસને પાછળ થી ઘા મારીને માથું ધડથી અલગ કરી નાખ્યું.

**''મુઠે થી ઘા માર્યા, વાઢી લીધું શીશ, શુર ચઢયું ધડને ઢાળ્યા કૈંક ઢીમ,**
**સીન્ધુરાગ સોહામણો, શુરમણ હરખના માય, શીર પડે તે ધડ લડે એના વધામણા વૈકુંઠ જાય,**
**અંગ-અંગ કપાયને ધક-ધક રુધિર હોય, માથા પડે ને ધડ લડે એવા વિરલા કંઈક જ હોય''**

ધડને શુરાતન ચઢયું, એટલે બચેલાને વીણી-વીણીને મોતને ઘાટ ઉતાર્યા, તો કોઇ કે કીધુ તેના પર ગળીનો ત્રાગડો નાખો   નહીતર ધડ શાંત નહિ થાય, અને તેના પર ગળીનો ત્રાગડો નાખવામાં આવ્યો અને એટલી વારમાં તો ધડ શાંત થયું અને માંગરોળને પાદરે પડયું.

'' વાંકીદાસ મોચીકુળ માં થયા શૂર શીલવંત
મુછાળો મહાબલવંત, વંદન તને વાઢેરના,
માથા સાથે મૂલવીને જીવન જેના જાય,
પૃથ્વી પર પંકાય મોંઘા મૂલનાએ માનવી,
ધડ-ધીંગાણે માથા મસાણે એ વીર વાંકીદાસ
માંગરોળ તણા પાદરે પાળિયો ઉભો આજ''

વાંકીદાસના મરાયાના સમાચાર સાંભળીને તેમની પત્ની રથ જોડાવી ને વાંકિદાસનું શબ લેવા સઘળા પરિવાર સાથે રણભૂમિમાં આવી, ત્યાં આવીને તેમણે જોયું તો અનેક શત્રુઓના સબ વચ્ચે એ વિરનું સબ સુતું છે, તેને જોઇને વિર નરની નારી બોલી.....

**''સમડી ઉડે આકાશ, સબ ચાખવા વાકીદાસના,**
**પણ પાસે જતા ગભરાય, એ માટી તો માંગરોળ તણી''**

આકાશમાં સમડી અને કાગ જેવા માંસાહારી પક્ષીઓ મીજબાની માણવા માટે ઉડે છે, પરંતુ વાકીદાસના શબ પાસે જતા ડરે છે, કે જો આપણે તેની પાસે જઇશું અને રખેને એ જીવતો થશે તો આપનો પણ સહાર કરશે, કારણ આ તો માંગરોળ માટીના ઉછેરેલો મરદ, માટિયાળ હતો,

**''પગ પ્રીતમના પારખ્યા, ચોરી ચડી જે વાર**
**આ તો સ્વામી કેશરી રણ રહેશે ઘરાર''**

ચોરીને ફેરા ફરતા જ પતિના પગને પાર ખીલી ધાકે આ કેશરી, સ્વામી રણમાં જ કામ આવશે.

**''કંથ કેશરી મેં ભાળ્યો કર ગ્રહતા ખાસ**
**આ તો સ્વામી જીવશે માસ કે છ માસ''**

આ કંથાનો હાથ તો માંડવા નીચે ગ્રહણ કરતા જ પારખી લીધો હતો કે આ રણ બંકો માસ કે છ માસ માં ધર્મના ધીંગાણે કામ આવશે. ચિતા તૈયાર કરવામાં આવી વાંકીદાસના ઘડ અને શીશ ને ગોઠવવામાં આવ્યા, વાંકીદાસ અને વાલબાઇ નો જય-જય કાર થવા લાગ્યો, વાલબાઇ વાંકિદાસ ની સાથે સતી થવા તૈયાર થઇ, ડાહયા માણસોએ તેમને સમજાવતા કહયું કે, કુંવારા સતી ના થવાય, ત્યારે વાલબાઇએ તેઓને કહયું કે હું મન થી વાંકીદાસને વરી ચુકી છું, આ ભવમાં અને ભવોભવમાં આજ મારા પતિ છે, કાષ્ઠની ચિતા જલાવી શબ ખોળામાં લઇ માનવ મેદની ના જય-જય કાર સાથે પંચમહાભૂતમાં ભળી ગયા, એ સતી અને શુરાની ગાથા અમર બની ગઇ, ત્યાર પછી વાઢેર કુટુંબે માંગરોળને પાદરે ખાંભી પાળીયો ઉભો કર્યો અને તે વાઢેર કુળના સુરાપુરા દેવ બન્યા, વાઢેર કુળના મોચી જ્ઞાતિના લોકો દર-વર્ષે ગોળ-ચોખા જુવારવામા આવે છે, અને વર-વધુના છેડા છેડી અહી છોડાય છે આવા મહાન માનવ ને આપણે શ્રદ્ધાથી નમન કરીએ.

# નૈવેદ્ય

- નૈવેદ્ય એટલે શું ?
- નૈવેદ્ય નું શાસ્ત્રોકત મહત્વ
- નૈવેદ્ય ના પ્રકાર
- શ્રી વાઢેર પરિવારના નૈવેદ્ય.

''નૈવેદ્ય'' આ શબ્દ ખુબ જ પ્રાચીન છે, નૈવેદ્યએ દેવોને અર્પણ થતો પ્રસાદ ગણાય છે ? નૈવેદ્ય નો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવત પુરાણમાં પણ આવે છે, આમ નૈવેદ્યની પરંપરા આપણા ભારત વર્ષમાં અને ભારતીય સંસ્કૃતિમાં અનાદિ કાળથી ચાલી આવે છે.

## નૈવેદ્ય એટલે શું ?

''નૈવેદ્ય''શબ્દ સંસ્કૃત ભાષાનો શબ્દ ''नैवेद्यम्'' નું જ એક રૂપક છે જેનો અર્થ થાય છે કે નાં બદલા માં આપવું અથવા તેના કર રૂપે આપવું તેવો થાય છે. અહી ''નૈવેદ્ય'' ના બે અર્થ કરવામાં આવ્યા છે.

પહેલા તો નૈવેદ્ય એટલે કે ''ઐદ્ય'' એટલે કે નવ અર્થા તનવુ અને ઐદ્યએ એટલે કે આરોગી શકાય એવુ ધાન્ય ધાન (અનાજ) કે જે દેવી દેવતા ઓને અર્પણ કરવાનું હોય છે. પ્રાચીન સમયમાં જયારે લોકો અનાજ વાવતા, તેની માવજત કરી અને પછી તેને લણી લઇને નવા ધાનને ઘરે લાવતા ત્યારે, લોકો તે નવાધાનને સૌ પ્રથમ ભગવાનને અર્પણ કરતા હતા અને ત્યાર પછી જ તેઓ તેનો ઉપયોગ કરતા, અને તેઓ આ ધાનને ભગવાનને અર્પણ કરવા માટે યજ્ઞ કરતા હતા, અને યજ્ઞમાં આ ધાન હોમવામાં આવતું હતું, આમ અગ્નિ-એ ભગવાનનું મુખ ગણાય છે. તેથી તેઓએ અર્પણ કરેલા નૈવેદ્ય અને ધાન યજ્ઞ દ્વારા ભગવાનને પ્રાપ્ત થઇ જતા, અને બીજો અર્થ એટલે કે ''નવ-ઐદ્ય'' જે માનવ એટલે નવ પ્રકારના, અને ઐદ્ય એટલે આરોગવા લાયક ધાન (અનાજ) આમ તેનો અર્થ થાય છે કે નવ પ્રકારના જુદા-જુદા ધાન કે જે દેવી દેવતા ઓને તેમના કરરૂપે અર્પણ કરવામાં આવતા હોય છે. હિન્દુ ધર્મના પુરાણો, ગ્રંથો, ઉપનિષદો, અને શાસ્ત્રોઅનુસાર નૈવેદ્ય એ દેવો અને દેવીઓને અર્પણ કરતો તેમનો કર છે, કે જેના થકી દેવી-દેવતાઓની આ સૃષ્ટિ પર અમી દ્રષ્ટિ બની રહે, શાસ્ત્રોનું એવું મંતવ્ય છે કે આ સૃષ્ટિ પર થતો વરસાદ, અને તેના થકી થતી સમૃદ્ધિ અને આ સંસારમાં આવતી વિપત્તિઓ નો સામનો કરવા માટે ભગવાન આપણને જે શકિત આપે છે તેના કરરૂપે તે તેમના નૈવેદ્ય માંગે છે.

જેમ કે કોઇ કુળમાં, તેમના મઢમાં રહેલા દરેક દેવ-દેવીઓના નૈવેદ્ય તેઓએ કરવાના હોય છે, જેના સંરક્ષણમાં તે કુળ હોય છે. તે કુળને સુખ-સમૃદ્ધિ, બુદ્ધિ, વૃદ્ધિ, શાંતિ અને પ્રગતિ અને રક્ષણ આપે છે અને તેના થકી તે કુળમાં એકતા અને અખંડીતતા રહે છે.

આથી તેઓએ તેમના મઢમાં રહેલા સર્વ દેવી, દેવતાઓને નૈવેદ્ય ધરવાના હોય છે.આનો અર્થ એ થયો છે કે આ સંસાર માં જો કોઇએ રહેવું હોય તો તેઓ નિસ્વાર્થ ભાવથી રહી શકતા નથી, જે કોઇ પણ કોઇ કાર્ય કરે છે તો તેને તેના બદલાનું વળતર મળે જ છે. એટલે કે તેનું કોઇ કાર્ય વ્યર્થ જતું નથી, આમ હિન્દુ ધર્મના શાસ્ત્રોનો અર્થ ખૂબજ ગહન છે. તેને માપવો સહેલો નથી, પરંતુ તેના દરેક તથ્યનો અર્થ આ સંસારના ઉદ્ધાર માં અને તેના હિતમાં જ સમાયેલો હોય છે. તેમ આ નૈવેદ્યનો પણ એવો જ અર્થ થાય છે કે નૈવેદ્યએ એક કુળ, કુટુંબ કાર્ય છે, જેના થકી સર્વ કુટુંબભાઇઓ ભેગા થાય છે, અને તેઓ એકત્ર થઇને સમાજકાર્ય અને ધર્મ કાર્ય કરે છે, અને તેઓ પોતાના કુળ ને શકિતની સુખ-સમૃદ્ધિ,શકિત અને શાંતિ માટે પ્રાર્થના કરે છે.અને દેવી શકિતના પૂજન અર્ચન થી તેઓમાં આધ્યાત્મિક શકિતઓનો પણ સંચાર થાય છે કે જેના થકી તેમના મનને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. અને તેમની એકતા અને અખંડીતતા જળવાઇ રહે છે. અને તેઓ આ કાર્યદ્વારા એક સૂત્રના તાંતણે બંધાઇને સમાજ કાર્ય પૂરી શ્રદ્ધા અને ભકિત ભાવથી કરી શકે છે. આમ નૈવેદ્યએ આપના કુળ, સમાજ અને કુટુંબને એકત્ર કરી રાખવાનું એક દેવકાર્ય છે કે જેના થકી દરેક વ્યકિતમાં શ્રદ્ધા અને નિષ્ઠા જેવા સંસ્કારોનું સિંચન થાય છે.

## નૈવેદ્ય ના પ્રકાર :

હિન્દુ ધર્મના શાસ્ત્રો, ગ્રંથોઅને પુરાણો અનુસાર નૈવેદ્યના મુખ્ય ચાર પ્રકાર છે.

**દેવના નૈવેદ્ય**
**ઋષિના નૈવેદ્ય**
**પિતૃના નૈવેદ્ય**
**પ્રેતના નૈવેદ્ય**

આ મુખ્ય ચાર નિવૈદ્ય છે જેમા દરેકને પાંચ-પાંચ ધાન (અનાજ) ધરવાના હોય છે. જે નીચે મુજબ છે.

દેવના નૈવેદ્ય : ઘઉં, ચોખા, ચણા, તલ, જુવાર,
ઋષિના નૈવેદ્ય : સામ્બો, રાજીગરો, જવ, બંટી, ચોખા
પિતૃના નૈવેદ્ય : ચોખા, ઘઉં, કાંગ, કાળાતલ, પિતૃપીંડ
પ્રેતના નૈવેદ્ય : અડદ, જુવાર, બાજરો, કાંગ, સરસવ

આમ આ મુખ્ય ચાર પ્રકારના નૈવેદ્ય છે, પછી જે-તે કુળઅને ગોત્ર પ્રમાણે નૈવેદ્ય બદલવાય છે. નૈવેદ્યમાં સૌ પ્રથમ ગણપતિજીને નૈવેદ્ય ધરવામાં આવે, ત્યાર પછી કુળદેવને, ક્ષેત્રપાળને, જે- તે કુળના સુરાપુરાને અને બ્રહ્માણી માતાજીને નૈવદ્ય ધરાય છે.

| | |
|---|---|
| ગણપતિ | : પ્રથમ પૂજનીય છે તેથી, |
| કુળદેવી | : કુળના માતાજી હોય તેથી, |
| ક્ષેત્રપાળ | : જે-તે કુળના મઢના આગેવાન હોય છે તેથી, |
| સુરાપુરા | : જે-તે કુળના રક્ષક દેવ હોય છે તેથી, |
| બ્રહ્માણીમાં | : જે-તે કુળ અને ગોત્રને બુદ્ધિ આપવાનું કાર્ય કરે છે તેથી |

આમ નૈવેદ્ય, ઉપર મુજબના ધરવામાં આવે છે, અને એ પાંચ દેવ-દેવીઓને નૈવેદ્ય પછી બીજા જે -તે કુળમાં તેમના મઢમાં બીજા જે દેવ-દેવીઓને તેઓ પુંજાતા હોય, તે સર્વ દેવ-દેવીઓના નૈવેદ્ય કરવાના હોય છે.

## શ્રી વાઢેર પરિવારના નૈવેદ્ય :

શ્રી વાઢેર પરિવારના નૈવેદ્ય આસો માસની સુદ નોમના પવિત્ર દિવસે કરવામાં આવે છે અને વાઢેર પરિવારમાં કોઇ શુભ પ્રસંગે કે કોઇ રૂડો અવસર હોય ત્યારે પણ માતાજીના નૈવેદ્ય કરવામાં આવે છે.

આમ આસો માસની સુદ નોમના દિવસે નવ પ્રકારના નૈવેદ્ય કરી માતાજીના મઢે જુવારવા અને પરદેશ વસતા હોય તો ઘરમાં મઢની દિશાએ થી નૈવેદ્ય જુવારવા, સંજોગો વસાત આસોસુદ નોમ ને દિવસે નૈવેદ્ય ના થાય તો મહાસુદ નોમને દિવસે નૈવેદ્ય કરવા.

જેટલા નૈવેદ્ય હોય તેટલા ઘઉંના લોટના કોડીયામાં ભો દીવો એટલે કે નીચે જમીન પર દીવો કરવો અને દરેક નૈવેદ્યને તેની બાજુમાં મૂકવા, અને નૈવેદ્ય વખતે બે ડાબી અને બે જમણી બદલાવવી અને બે શ્રીફળ વધેરવા, આ દેવના નામ તથા તેમના નૈવેદ્ય નીચે મુજબ છે.

| | |
|---|---|
| શ્રી ગણપતિ | : લાડવા |
| શ્રી મોમાઇમાં | : લાપસી |
| શ્રી ચામુંડા માં | : ખીર અને રોટલી |
| શ્રી ગાત્રાળમાં | : કાંગનો ઢોલો |
| શ્રી ક્ષેત્રપાળ (ખેતલીયાદાદા) | : તલવટ |
| શ્રી વાંકીદાસ દાદા | : ગોળ-ચોખા |
| શ્રી બ્રહ્માણીમાં | : ઘઉંના લોટની કુલેર |
| શ્રી શીકોતેરમાં | : સગપ્તાઇ-શાકીની ખીચડી |
| શ્રી સિંધવીમાં | : ચણાના પુડલા |

## રાણા-કંડોરણા, શ્રી વાઢેર પરિવારના નૈવેદ્ય :

રાણા કંડોરણામાં વસતા વાઢેર કુટુંબોના નૈવેદ્યની માહિતી નીચે મુજબ છે. રાણાકંડોરણાના મઢ વિશે એવુ માનવામાં આવે છે કે માં મોમાઇ ની સ્થાપના રાણાકંડોરણા માં વિક્રમ સવંત -૧૯૯૫ માં થઇ હતી, અને તે મંદિરના મઢમાં નીચે મુજબના દેવો છે અને તેમના નૈવેદ્ય કરવામાં આવે છે.

(૧) શ્રી ગણપતિ દાદા : ઘઉંના લાડવા
(૨) શ્રી હનુમાનદાદા : અડદના નવ વડા
(૩) શ્રી મોમાઇ માં : ચોખાની ગોળવાળી ગાયના દુધની ખીર
(૪) શ્રી શીકોતેરમાં : ઘઉંની લાપસી
(૫) શ્રી ગાત્રાળમાં : કાંગના લોટનો ઢોલો
(૬) શ્રી ક્ષેત્રપાળ દાદા : તલવટ
(૭) શ્રી સરુાપુરા દાદા : ત્રણેય-સુરાપુરાદાદાના ગોળ વાળા ચોખા

સુરાપુરા : વિરજીદાદા
સુરાપુરા : સવાદાસ દાદા
સુરાપુરા : હરજીદાદા

શ્રી વચ્છરાજદાદા : કંસાર, કે જે મઢની બાજુમાં જુવારવા માં આવે છે.

પ્રથમ વિરજીદાદા સુખપુરવાળા, બીજા સવાદાસદાદા જેની સ્થાપના મઢમાં જ છે,બીજે કયાંય નથી અને ત્રીજા હરજીદાદા, કે જે રાણાકંડોરણા શંકર ભગવાનના મંદિર પાસે તેમના મંદિર માં બેઠા છે.ઘરે કોઇ ને નૈવેદ્ય કરવા હોય તો પોતાની શકિત પ્રમાણે નૈવેદ્ય રાંધીને તેને જુવારી લેવા, કુંટુબવતી દર વર્ષે નોરતાના આસો સુદ નોમના પવિત્ર દિવસે, તેમજ દર બે વર્ષે વૈશાખ સુદ નોમના દિવસે નૈવેદ્ય થાય છે.

## શ્રી વાઢેર પરિવારના પ્રાસંગિક નૈવેદ્ય :

જયારે પરિવારમાં કોઇ પ્રસંગ કે રૂડો અવસર હોય ત્યારે માતાજીને અચૂક યાદ કરવા પડે છે અને તેમના નૈવેદ્ય કરીને આપનો પ્રસંગ કે કોઇ શુભ અવસર નિરવિઘ્ને પાર પડે તેને માટે પ્રાર્થના કરીએ છીએ. આમ જુદા જુદા પ્રસંગો પાત નૈવેદ્ય કરવામાં આવે છે.

## લગ્ન પ્રસંગના નૈવેદ્ય :

જયારે શ્રી વાઢેર પરિવારમાં કોઇના ઘરે લગ્નનો શુભ પ્રસંગ હોય, દીકરાના લગ્ન હોય ત્યારે પહેલા શ્રી મોમાઇ માતાજીના અને શ્રી વાંકીદાસ દાદાના નૈવેદ્ય કરવામાં આવે છે, અને જયારે જાન લઇને જાય તે પહેલા, મોસાળ પક્ષ તરફથી મોમેરૂં ભરવામાં આવે છે, તેમાં સૌ પ્રથમ એક પવાલા માં અઢી બે તલ ચોખા મૂકવામાં આવે છે જેમાં સવા બે તલ માતાજીના અને સવા બે તલ શ્રી વાંકીદાસદાદા ના ચોખા મૂકવામાં આવે છે, અને સાથે એક શ્રીફળ મુકવામાં આવે છે. અને ત્યાર પછી મોમેરૂં ભરાય છે, પછી જયારે સારો દિવસ હોય ત્યારે આ ચોખાના નૈવેદ્ય કરવામાં આવે છે અને સહકુટુંબ સાથે બેસીને તેનો પ્રસાદ લે છે. લગ્ન સમયે શ્રી રાંદલમાં ના લોટા તેડવામાં આવે છે અને તેમના નૈવેદ્ય પણ કરવામાં આવે છે, રાંદલમાની ગોયણી (નાની કુંવારી બાળાઓ) આમંત્રણ આપવામાં આવે છે અને માંશ્રી ભગવતી રાંદલના નૈવેદ્ય ખીર-રોટલી ધરવામાં આવે છે અને સાંજે શ્રી રાંદલમા નો ઘોડો ખુંદવામાં આવે છે.

## સીમંત (ગોદ ભરાઈ) પ્રસંગના નૈવેદ્ય :

ભારતીય સંસ્કૃતિના સંસ્કારોમાંનો એક સંસ્કાર છે ગોદભરાઇ સંસ્કાર, આ અવસર ખુબ જ રૂડો હોય છે. એવું કહેવાય છે કે, સીમંતનો પ્રસંગ જેના ઘરે ના થાય તેના ઘર ઉપર તેના કુળદેવીની અમીદ્રષ્ટિ ના હોય, અને વાઢેર કુળ પર તો મોમાઈની સદાને માટે અમીદ્રષ્ટિ રહેલી છે. તો જયારે શ્રી વાઢેર કુળમાં સીમંતનો પ્રસંગ હોય ત્યારે તે વહુ કે જેનું સીમંત કરવાનું હોય છે તે સાત મહિના સુધી તેનું માથુ ના ઓળે અને તેમને સૂંઠ, સુવા, અને આદુ પણ ના ખવાય, અને જયારે સાત મહિને તેમના સીમંતનો પ્રસંગ હોય ત્યારે તેમનું માથુ ધોવામાં આવે છે અને તેમનું મામેરૂં કરીને તેમના સીમંતનો ખોળો ભરવામાં આવે છે. ત્યારે શ્રી વાંકીદાસ દાદા અને મોમાઇ માતાજીના નૈવેદ્ય કરવામાં આવે છે અને શ્રી રાંદલમા ના લોટા પણ તેડવામાં આવે છે. અને તેમના નૈવેદ્ય કરીને સૌ કુટુંબી ભાઇઓ ભેગા મળીને માતાજીનો અને શ્રી વાંકીદાસદાદા નો પ્રસાદ લે છે.

## બાલ-મુંડન (કર-વિધિ) પ્રસંગનો નૈવેદ્ય :

બાળ-મુંડન સંસ્કાર, તે પણ ભારતીય સંસ્કૃતીના સંસ્કાર માંનો એક સંસ્કાર છે. જયારે કુટુંબમાં કોઇના ઘરે પુત્ર જન્મ થાય અને તે પહેલો પુત્ર હોય તો તેની કરવિધિ એટલે કે તેમના માથાના વાળ ઉતારવામાં આવે છે. અને ત્યારે માતાજીના અને દાદાના નૈવેદ્ય કરવામાં આવે છે. કરની વિધિ અને તેના નૈવેદ્ય બાળક જયારે સવા વર્ષનું થાય ત્યારે કરવામાં આવે છે, અને જો અનુકુળતા હોય તો દોઢ વર્ષ કે સવા બે વર્ષે તેની વિધિ અને નૈવેદ્ય કરવામાં આવે છે, આ વિધિમાં દીકરાને બાજોઠ પર બેસાડીને તેના વાળ ઉતારવામાં આવે છે અને તે બાળકની ફઈબા તેમના વાળ જીલે છે. ત્યાર પછી તે વાળને વહેતી નદીમાં પધરાવવામાં આવે છે. આમ બાલમુંડન ના નૈવેદ્ય અઢી બે તલ ચોખા અને એક જોડી શ્રીફળ હોય છે. પછી કરની વિધિપુરી થયા ત્યાર પછી નૈવેદ્ય ધરવામાં આવે છે.અથવા ત્યારે અનુકુળના હોય તો સારો દિવસ હોય ત્યારે શુભ મુર્હુતમાં સર્વ કુટુંબીજનો ભેગા મળીને માતાજીના અને દાદા ના નૈવેદ્ય કરે છે અને પુર્ણ શ્રદ્ધા અને ભકિત ભાવથી પ્રસાદ લે છે. અને પ્રથમ સંતાન હોય તેને હોળીના પવિત્ર દિવસે માં હોળીકા ની પ્રદક્ષિણા કરવામાં આવે છે અને તેના આર્શીવાદ લેવામાં આવે છે, સંતાનની માતા તે દિવસે ઉપવાસ કરે છે અને હોળીકાના દર્શન કરીને પછી તે જમે છે.

આમ આ નૈવેદ્ય વાઢેર કુળમાં પરંપરાગત છે. અને વતન એટલે કે ભારતમાં તો દર વર્ષે અથવા તો આંતરવસુ નૈવેદ્ય કરવામાં આવે છે. અને દરેક કુટુંબીજનો અને સગા-વ્હાલાઓ ભેગા થાય છે અને માતાજીને દાદાને અને સર્વે દેવને યાદ કરવામાં આવે છે અને નૈવેદ્ય ધરવામાં આવે છે અને પરદેશ એટલે ઇંગ્લેન્ડમાં પણ દર વર્ષે એક વાર તો વાઢેર પરિવાર ભેગા થાય છે અને નૈવેદ્ય કરે છે.

## સૂતક - નિર્ણય :

શાસ્ત્રોમાં જણાવેલ જન્મ-મૃત્યુ ના સૂતક અંગેનો નિર્ણય જિજ્ઞાસુઓની જાણ માટે અહીયા આપવામાં આવેલ છે. સૂતક દરમ્યાન વ્યકિતગત પુજા તથા ઘર મંદિરના પુજા , થાળ, આરતી વગેરે પોતે ના કરતા સૂતક રહિત વ્યકિત પાસે કરાવવા અને દૂર થી દેવ દર્શન થઇ શકે છે.

## જન્મ સૂતક :

પુત્ર અથવા પુત્રીનો જન્મ થતા પિતાએ તથા સપિંડ (સાત પેઢી સુધીના) સગાઓએ દસ દિવસ સુધીનું સૂતક પાળવું તથા સોદક (આઠથી ચૌદ પેઢી સુધીના) સગાઓએ ત્રણ દિવસ સુધીનું સૂતક પાળવું.

સૂતિકા સ્ત્રી પુત્ર જન્મમાં એકવીસ દિવસે તથા કન્યા જન્મમાં એક મહિને શુદ્ધ થાય છે જન્મ સૂતકમાં પ્રસૂતિ પછીના દસ દિવસ પછી ખબર પડે તો તે સૂતક પાળવું નહિ.

## મરણ સૂતક :

૧ સપિંડ (સાત પેઢી સુધી) ના મરણ માં દસ દિવસનું તથા સોદક (આઠથી ચૌદ પેઢી સુધી) ના મરણમાં ત્રણમાં દિવસનું સૂતક પાળવું.

૨ જન્મથી દસ દિવસમાં બાળકનું મૃત્યુ થાય તો મરણ સૂતક પાળવું નહિ દાંત આવે ત્યાં સુધી માં મરણ થયે સ્નાન માત્ર થી શુદ્ધિ થાય.

૩ બાળકેશ ઉતારવા પર્યંત બાળકના મરણમાં એક રાત્રિ-દિવસનું સૂતક લાગે.

૪ જે કન્યાનું વાગ્દાન ના થયું હોય તેના મરણમાં એક દિવસનું સૂતક લાગે અને વાગ્દાન થયેલ કન્યાના મરણથી ત્રણ દિવસનું સૂતક લાગે.

૫ વિવાહિત સ્ત્રીના મરતા તેના સસરાના કુળમાં દસ દિવસનું સૂતક લાગે.

૬ વિવાહિત સ્ત્રીના મરતા તેના માત-પિતા અને ભાઇને ત્રણ દિવસનું સૂતક લાગે.

૭ વિવાહિત સ્ત્રીના મરતા તેના પિતા સગાઓને એક દિવસનું સૂતક લાગે .

૮ માત-પિતા ના અવસાનમાં પુત્રીને ત્રણ દિવસનું સૂતક લાગે.

૯ આચાર્ય, માતાના પિતા, પુત્રની પુત્રી, યજમાન, તથા બહેનના દીકરાના અવસાનમાં ત્રણ દિવસનું સૂતક લાગે.

૧૦ મામા, મામી, સસરા, સાસુ, જમાઇ, તથા બહેનનું અવસાન પોતાને ઘેર થાય તો ત્રણ દિવસનું સૂતક લાગે અને બીજે અવસાન થાય તો બે દિવસનું સૂતક લાગે.

૧૧ ફોઇ, માસી, સાળો, મિત્ર તથા શિષ્યના અવસાનમાં બે દિવસનું સૂતક લાગે.
૧૨ અન્ય સંબંધીજનોના અવસાન મા માત્ર સ્નાન કરવું.
૧૩ મરણના સૂતકની મૃત્યુના અગિયારમાં દિવસથી માંડીને એક માસ સુધીમાં ખબર પડે તો ત્રણ રાત્રીનું સૂતક પાળવું.
૧૪ પિતા, માતા, પતિ કે સ્ત્રીના અવસાનની જાણ સ્વદેશ કે પરદેશ એક વર્ષ પછી થાય તો પણ પુરુ સૂતક (આગળ જણાવ્યા પ્રમાણે) પાળવું.

# અહેવાલ

આ અહેવાલોમાં શ્રી મોમાઇ માતાજી અને શ્રી ગાત્રાળ માતાજીના મંદિર, ટુંકડા મીયાણી ના પાટોત્સવ સમયે જે પ્રાસંગિક પ્રવચનો થયા તેના અંશો અને તેના અનુમાનોના ભાવાર્થ નો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં શ્રી જયંતિભાઇ એન. વાઢેર અને શ્રી મોહનભાઇ એસ. વાઢેરે પ્રવચન આપ્યું હતું. તે અને તેમની લાગણીને અહિયાં આ અહેવાલ દ્વાર પ્રસ્તુત કરવામાં આવી છે.

સમસ્ત વાઢેર સંમેલન
ટુકડા ધામ - ભારત
મોમાઇ માતાજી મંદિર - પાટોત્સવ
તારીખ : ૩૧ મી ડીસેમ્બર ૨૦૦૫.
પ્રવકતા : શ્રી જયંતિભાઇ એન. વાઢેર (યુ.કે.)

**ૐ ભૂર્ભવઃ સ્વઃ તત્સ વિતુંર્વરેન્યમ,ભર્ગો દેવસ્ય ધિયોયોનઃ પ્રચોદયાત :**

પુજનીય શ્રી મોમાઇ માતાકી જય
પુજનીય શ્રી ગાત્રાળ માતાકી જય
પુજનીય શ્રી વાંકીદાસદાદા કી જય
પુજનીયા શ્રી સર્વ પુર્વજોકી જય

આજે મોમાઇ માતાજીની કૃપાથી એક સપનું સાકાર થતા જોઇ, હૈયું ગદગદી રહયું છે. આજથી ચાર વર્ષ પહેલા વિચાર આવ્યો હતો કે યુ. કે. માં રહેતા સર્વે વાઢેર ભાઇઓ અને તેમના પરિવારને લઇને દેશમાં જવું, અને મોમાઇ માતાજીને પગે લાગવું, વાંકીદાસદાદા ને પગે લાગવું બને તો મોરાગઢ જવું અને જાત્રા કરવી, આવો મે વડીલભાઇ એવા શ્રી મોહનભાઇ ને કરી અને પછી જયારે નૈવેદ્ય કર્યા ત્યારે આ પ્રસ્તાવ મુકયો તો સર્વભાઇઓએ ઘણો જ ઉત્સાહ બતાવ્યો અને આ વિચાર ને સહર્ષ વધાવી લીધો. અને ત્યારથી આ વિચાર ધારા ચાલી રહી હતી. ત્યારે કાનજીભાઇ, ગોકળભાઇ, લાલજીભાઇ, મગનભાઇ અને જાદવબાપાના પરિવારને આ મંદિરને ભવ્ય પાયા પર ઉભું કરવાનો સંકલ્પ લીધો. અને સોનામાં સુગંધ ભેળવી યુ.કે.ના સમસ્ત વાઢેર પરિવાર ઓ એ મંદિરના કામમાં નાણાકીય મદદ કરવા હાથ બતાવ્યો, અને આજે એ સંકલ્પ, એ વિચાર, ધારા અને મંદિર આજે આપ સહુની સમક્ષ છે, આ માની કૃપા વગર અસંભવ છે.

દેશના બધા ભાઇ-બહેનને જાણીને અચંબો થશે કે ઇંગ્લેન્ડ માં અમે બધા વાઢેર ભાઇઓ વર્ષામાં એકવાર ભેગા થઇને દેવોના નૈવેદ્ય કરીએ, ભજન-કિર્તન કરીએ અને પ્રસાદી લઇએ છીએ. આ નૈવેદ્ય કરવાનો વિચાર મને અને વડીલભાઇ શ્રી મોહનભાઇ ને આજથી સોળ (૧૬) વર્ષ પહેલા આવેલો, અને અમે તે અમલમાં મુકતા કંકોત્રી છપાવી અને બધા વાઢેરભાઇ ઓને મોકલાવી, અને કહેતા હર્ષ થયા છે કે દરેક આ વિચાર ને સહર્ષ વધાવી હાજરી આપે છે, ત્યાં મજીવાણા વાળા, ટુકડા મિયાણી વાળા, રાણા કંડોરણા વાળા, નાગકાવાળા, તેમ સમસ્ત વાઢેર ભાઇઓ આવે છે. કારણ આપણી કુળદેવી માતા આખુ વર્ષ આપણી રક્ષા કરે છે તો આપણે આખા વર્ષ માંથી એક દિવસતો મા ને યાદ કરવા જ જોઇએ અને તે માટે સમસ્ત વાઢેરો સુખી છે.

આ નૈવેદ્ય અને આવા પ્રસંગો કરવાથી આપણી નાની પેઢી માં આપણી સંસ્કૃતિ, ધર્મ, અને આપણી સભ્યતાના બીજ રોપાય છે. અને તે મોટા થતા આવતી પેઢીને માર્ગ દર્શન આપી શકે.

આજે આપણે મોમાઇમાં, અને ગાત્રાળ માના મંદિરનું ઉદ્‌ઘાટન શ્રી પ્રવિણભાઇ નાનજીભાઇ વાઢેર અને શ્રીમતિ નૈનાબેન પ્રવિણભાઇ વાઢેરના હસ્તે આપણા જાદવબાપાના આર્શીવાદ થી કર્યું છે.

ભારતમાં મોટા મંદિરો ભલે વિશ્વવિખ્યાત હોય અને ટુકડા મીચાંણીનું મંદિર ભલે આપણા પુરતું હોય પરંતુ આ બધા મંદિરોનું નિર્માણ એકજ હેતુ થી થયું છે અને તે છે આપણા હિન્દુ ધર્મ, આપણી સંસ્કૃતિ અને આપણી સભ્ય તાને જાળવી રાખવા માટે અને વિશેષ આપણી એકતાનો ભાગ પ્રગટ કરવા માટે આપણે ભૂલી રહયા છીએ કે આપણે કોના સંતાન છીએ...? આપણા પુર્વજો કઇ ધરતી પર જન્મ્યા હતા....? અને તેમણે કઇ-કઇ કુરબાનીઓ આપી છે ...? અમારી જન્મભૂમિ આફ્રિકા, કર્મ ભૂમિ યુ.કે. અને માતૃભૂતિ ભારતમાં, અંતમાં ભારત માતાના જ સંતાનો કહેવાય, અમારી ફરજતો આફ્રિકા, અને ઇગ્લેન્ડ ઉપર પહેલા થાય, પરંતુ જયારે આપણી સંસ્કૃતિ, આપણો ધર્મને આપણા પુર્વજોને યાદ કરીએ એટલે ભારતની જ યાદ આવે, ભારતને જો અમે એક ધણી તરીકે ના સ્વીકારીએ તો અમારી હાલત ધણી વગરના ઢોર જેવી થાય કે પછી ધોબીના કુતરા જેવી કે તે નહિ ઘર નો કે નહિ ઘાટનો.

આપણે ક્ષત્રિય કુળના સંતાનો છીએ, વળી વાઢેરનો ઇતિહાસ તો બહુજ રંગીન છે, આપ સહુને યાદ હશે કે સાંગડો વાઢેર કે જે દ્વારકામાં રાજ કરતો હતો અને તે બહુ બળવાન હતો તેમના લગ્ન જુનાગઢ ના રાજા મુળ કામત ની પુત્રી સુરજાબા સાથે થયા હતા. સુરજા બા મોમાઇ માતાના ભકત હતા, તે જાણીને સાંગડા વાઢેરે માનો અનાદર કર્યો, આથી તે પાયમાલ થઇ ગયો, પછી તેને પોતાની ભુલ સમજાઇ અને તેમણે માની માફી માંગી અને માને પ્રસન્ન કર્યા, ત્યારે માં એ તેને વરદાનમાં ચુંદડી અને કંગન આપ્યા અને કહયું કે જયાં સુધી તું આ ચુંદડી ઓઢીશ અને કંગન પહેરીશ ત્યાં સુધી તારો સુર્ય ઉદય રહેશે, પછી તો સાંગડા વાઢેર ૩૬૫ રજવાડા જીત્યાં અને પછી દિલ્હી ના બાદશાહ ઉપર ચઢાઇ કરી ત્યારે તે બાદશાહને ખબર પડી કે સાંગડાના વાઢેરને જો હરાવવો હોય તો તેના ચુંદડી અને કંગન ઉતારીને લડે તો જ હરાવી શકાય, માટે તેમણે તરકીબ કરી અને કહયું કે અમે ચુંદડી ઉતાર અને કંગના કાઢીને આવીજા, આ સાંભળીને તારે લડવું જ હોય તો મરદ થા અને આ ચુંદડી માં તે ભૂલી ગયો કે તેની શકિતઓ આ ચુંદડી અને કંગનમાં જ આમ આ કથામાં ઘણી શીખવાનું છે કે આપણી સુખા સાયબી અને સમૃદ્ધિ બધી આપણી કુળદેવી અને આપણા દાદાઓની કૃપાથી અને પુર્વજોના આર્શીવાદથી મળ્યા છે. માટે તેમને આપણે ભુલવા ન જોઇએ.

આપણી મોમાઇ માં તો ખુબજ દયાળુ છે અને તે તો હજરા હજુર છે. તમે ખરા મનથી પોકારો તો તે તુરંત સાંઢડી ઉપર સવાર થઇને હાજર થાય છે. કચ્છના રણમાં જાડેજા અને વાઢેર કુટુંબોને માતાજીએ ઉગાર્યા અને તેમને રણમાં સાંઢડી ઉપર આવીને જ દર્શન આપ્યા અને તેમની ભૂખ-તરસ મીટાવી હતી અને ગામ વસાવી દીધું હતું. જે આજે પણ મૌજુદ છે મોરાગઢ- કે જયાં માતાજીનું મોટું મંદિર છે.

તેમજ આપના વાંકીદાસ દાદા પણ જંગમાં ખપી ગયા હતા અને તેનું માથુ ધડથી જુદું થયું હતું અને પછી તેઓ ધડથી લડયા હતા જે આજે માંગરોળમાં બેઠા છે, તેઓ પણ એક જ હાંકલે હાજર થાય છે, પણ તે હૈયાનો સાચો પોકાર હોવો જોઇએ.

હું ઘણી વખત કહું છું કે આજે વાઢેરાણીઓને મલકાતી-મલકાતી માના મંડપમાં આવતી જોઇને અમે લાગ્યું કે આપણી કુળ-વહુ માં જરાયે ફરક પડયો નથી, રાજરાણી જેવો જ વટ છે. માટે હંમેશા વાઢેરની વહુઓને વાઢેરાણીઓજ કહું છું. વાઢેરરાણીઓના વિષય ઉપર એક બહુજ અગત્યની વાત કરું છું. કે આ જીવનમાં સંસ્કાર, સભ્યતા, અને ધર્મને સાચવી રાખવા હોય તો તે કુળવહુઓ જ કરી શકે છે, પુરૂષોની તાકાત નથી કે તે ઓ બાળકોને સાચવીને આપણી પરંપરાઓની ઓળખ કરાવે, માટે વાઢેરાણીઓને નમ્ર વિનંતી છે કે જેમ જીજાબાઇએ શિવાજીમાં સંસ્કાર પુરી તેને મહારથી બનાવ્યા હતા તેમ તમે પણ આપણી પેઢીના બાળકોમાં સારા સંસ્કાર પૂરી તેમને આપણો ધર્મ, ભાષા, અને ખાસ કરીને આપણી કુળદેવી મોમાઇમાં, ગાત્રાળમાં વાંકીદાસ દાદા અને પૂર્વજોની યાદ અપાવજો કે વાઢેરોની જ નહિ પરંતુ સમસ્ત હિન્દુની પરંપરાનું જ્ઞાન ચાલુ રહે. આવુ ઘણા બાળકો ભટકી રહયા છે તેઓ માં સંસ્કાર નથી, કોઇ રાહ નથી, તેઓ એક પાગલની જેમ ભટકી રહયા છે, માટે તેવા હાલ કમસે કમ વાઢેર બાળકોના ન થાય એટલી જ કાળજી રાખશો. તો પણ સમસ્ત જગત આપણું ઋણી થશે ઘણી વાર બાળકો ગજબના સવાલો કરતા હોય છે, મને એક સમયે નૈવેધ ના પ્રસંગમાં એક નવ-જુવાને

પુછ્યું કે અંકલ આ મોમાઇ માની વાત, અને વાંકીદાસ દાદાની વાત કરો છો તે ખરેખર બન્યું હશે કે પછી દંત કથા છે...? તો તેના જવાબમાં મે કહયું બેટા તારું નામ શું છે...? તેમણે તુરત જવાબ આપ્યો તો મેં ફરી પુછ્યુ કે તારા દાદા ના દાદાનું નામ શું છે... ? તો તેને ખબર ના હતી, એટલે પછ મેં તેને કહયું કે દાદાનું નામ તો તને ખબર નથી પણ તુ માને છે કે તે હતો....? તો તેમણે કહયુ હા એટલે મેં તુરંત જ કહયુ કે તે જ તારા સવાલનો જવાબ આપી દીધો છે, આપણા વાંકીદાસદાદા હતા, અને તેમણે જે કર્મો કર્યા છે તેટલા માટે જ તે પૂંજાય છે.વળી મોમાઇ મા તો વિષ્ણુ ભગવાનના મુખ માંથી પ્રગટ થયા છે, અને તેઓ અંબા, જગદંબા, કાલિકા અને બહુચર મા ના નામથી ઓળખાય છે, તે શકિત સ્વરૂપે છે કે જે પહેલા મહમાયા તરીકે ઓળખાતા હતા, અને ત્યાર પછી મોમાઇ થયા. આપણી ઉપર દયા કરી માં એ સાંઢડી ઉપર પ્રગટ થયા હતા માટે આપણે સૌ તેને તે સ્વરૂપ માં આપણી કુળદેવી તરીકે પુંજીએ છીએ.

આજે આપણે વિશ્વના વાઢેરને એકત્રિત કરવાની વાત કરીએ છીએ તો કેમ નહિ આપણે અહીથી જ શરૂઆતના કરીએ ...? અને એ નિશ્ચય કરીએ કે આજથી ટુકડા ધામ આપણું જે છે, અને વર્ષમાં એક વાર બધા વાઢેરો અહી એક મેળો કરે, નૈવેદ્ય કરે, અને આપ સર્વની માતાઓ એક જ છે, દાદા પણ એક જ છે તો આપણે બધા પણ એક જ થયા કહેવાય ને...? અને આ સ્થળ પણ આપણું જે છે ને....? આ પ્રસંગની માહિતી મિયાણી ટુકડાના સરપંચ અને શ્રી ગીગાભાઇના નામનો ઉલ્લેખ જો ના થાય તો અહેવાલ અધુરો કહેવાય, સરપંચજીએ આખું ગામ ચોખ્ખું કરાવી લાલ જાજમ પથારાવીને આ પુરા શણગારમાં સાથી બની સેવા આપેલી, ગામના બધા જ ભાઇ-બહેનોએ ખુબજ હેતેથી આ અવસરમાં ભાગ લઇને ઉત્સવને અનેરો બનાવ્યો હતો. અંતમાં તો એટલું જ કહી શકીએ આપણે આજે મોમાઇ માની અને ગાત્રાળ માની અસીમ કૃપાથી અને માંગરોળ વાળા પુજનીય વાંકીદાસદાદાની પ્રેરણાથી અને પુર્વજો અને વડીલોના આર્શીવાદથી બધાભાઇ-બહેનો ના સહકારથી આજે આ ઉત્સવ ઉજવી રહયા છીએ. તો આ પરંપરા સદાને માટે ચાલુ જ રહે તેવી માતાજીને અને સર્વ દેવોને પ્રાર્થના કરીએ જણાવતા ખુબજ આનંદ થાય છે કે આ મંદિરની જગ્યા અને ઇમારત જાદવબાપાના પરિવારની હતી પરંતુ હવેથી સમસ્ત વાઢેર પરિવારની ગણાશે કારણ કે જાદવજીબાપાએ અને તેમના પરિવારે તે અર્પણ કરી છે અને યુ.કે. માં વસતા વાઢેરોએ નાણાકીય મદદ કરી અને આજે આ મંદિર એક દેવસ્થાન અને જાત્રાનું ધામ બની ગયું છે આ વાતના સાક્ષીઆ ગામ ના સરપંચ શ્રી ગીગાભાઇ છે.

# વિશ્વ કે કોને કોનને સે

વિશ્વ કે કોને કોને સે સબ વાઢેર મિલકે આએ
હમ એસા સંગઠન બનાએ (૨)
આઓ વાઢેર આઓ ભાઇઅ
એસા નાદ ગુંજાએ
જો કોઇ હમસે બિછડ ગયા હે (૨)
ઉસકા સાથ મિલાએ
હમ એસા સંગઠન બનાએ
ભેદભાવ ઓર વેર મીટાકર
એક લડિ હો જાયે (૨)
મોમાઇ માતા કી બલિહારી પર
પ્રેમ કે પુષ્પ ચડાએ
હમ એસા સંગઠન બનાએ
આઓ ઓર તુમ ઉઠ કર દેખો
દુઃખ કી ઘટા હે છાઇ (૨)
હમ સબ મિલકર સાથ સાથ મે
સબ કે દુઃખ મિટાએ
હમ એસા સંગઠન બનાએ.

